| ૩૫ | એડવાન્સ કોમ્પ્યુટર સેન્ટર ૯૩૧૧૦૧૨ | ૨૪.૪૯,૩૪૨ | ૭.૯૯.૯૦૫ | ૩૨.૪૯,૨૪૭ | ૬,૧૫,૬૩૫ | ૨૬,૩૩,૬૧૨ |
| ૩૬ | એડવાન્સ એકાઉન્ટ એસ્ટેટ ૯૩૧૩૦૦૧ | ૨૩,૩૦,૯૦૬ | ૪૩,૪૩૬ | ૨૩,૭૪,૩૪૨ | ૪૨,૫૧૧ | ૨૩,૩૧,૮૩૧ |
| ૩૭ | પ્રેસ એડવાન્સ એકા. ૯૩૧૭૦૦૧ | ૩૫,૬૨,૧૯૩ | ૭૬,૪૧,૦૪૦ | ૧,૧૨,૦૩,૨૩૩ | ૭૬,૩૫,૯૯૧ | ૩૫,૬૭,૨૪૨ |
| | કુલ | ૧૦,૫૨,૧૧,૬૨૩ | ૮,૮૯,૭૩,૧૦૭ | ૧૯,૪૧,૮૪,૬૩૦ | ૭,૦૨,૬૨,૭૮૬ | ૧૨,૩૪,૬૨,૩૪૯ |
| | | ૫,૭૬,૩૯૭ જમા | | | | ૧,૧૬,૮૦૨ જમા |

**ફકરા નં. ૭**

**ગુજરાત યુનિવર્સિટી દ્વારા વિવિધ બેંકોમાં કરવામાં આવેલ રોકાણોના હિસાબમાં જણાયેલ અનિયમિતતા બાબત.**

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૮-૦૯ ના વર્ષના અન્વેષણ દરમ્યાન વાર્ષિક હિસાબોની ચકાસણી કરતાં વાર્ષિક હિસાબના પરિશિષ્ટ – 'કે' મુજબ આ સાથે સામેલ પરિ-૩ એ માં જણાવ્યા મુજબ વિવિધ બેંકોમાં ટુંકી મુદતની ડીપોઝીટો ખાતે રૂ.૭૧,૦૫,૬૦,૨૭૩.૦૦ ની રકમો વિવિધ બેંકોમાં રોકાણો તરીકે દર્શાવેલ છે. જેની ચકાસણી કરતાં નીચે પ્રમાણે ઓડિટ નોંધ આપવામાં આવે છે.

(૧) ગુજરાત યુનિવર્સિટી દ્વારા દર વર્ષે વિવિધ બેંકોમાં મોટી રકમના રોકાણો કરવામાં આવતા હોય છે અને મુદત પુર્ણ થયે તે રોકાણો રીન્યુ પણ કરાવવામાં આવતા હોય છે. સદર રોકાણ રજીસ્ટરની ચકાસણી કરતાં રજિસ્ટરમાં બેંકવાર સિલક કાઢી તારીજ બનાવવામાં આવતી નથી વાર્ષિક હિસાબોમાં રૂ.૭૧,૦૫,૬૦,૨૭૩.૦૦ પૈસા જેટલા જ રોકાણો રોકાણ રજિસ્ટરમાં નોંધવામાં આવેલ હતા કે કેમ? અને તેટલી રકમોના રોકાણો યુનિવર્સિટી પાસે હતા કે કેમ? તેની ખાત્રી થઇ શકેલ નથી.

(૨) બેંકોમાં મુકવામાં આવેલ એફ. ડી. ની નોંધ રોકાણ રજિસ્ટરમાં કર્યા પછી જયારે એફ. ડી. પાકયા તારીખે રીન્યુ કરવામાં આવે છે. ત્યારે મુળ એફ. ડી. ની નોંધ ઉપર રાઉન્ડ કરી વ્યાજ સહિત નવી એફ. ડી.ની રસીદ આવે તેના સળંગ નંબર આપી એફ. ડી. રજિસ્ટરમાં નોંધ કરવી જોઇએ અને તે મુજબ વર્ષના અંતે કઇ બેંકમાં કેટલી એફ. ડી. છે. તેની તારીજ અને તમામ બેંકોની મળીને કુલ કેટલી એફ. ડી. (રોકાણો) છે તેની એકત્રિત તારીજ તૈયાર કરી વાર્ષિક હિસાબમાં દર્શાવેલ રકમો સામે મેળવણું કરવું જરૂરી છે. યુનિવર્સિટી દ્વારા આ પ્રથાનો અમલ કરેલ નથી. પરિણામે તા.૩૧-૩-૦૯ ના રોજ દર્શાવેલ રોકાણો યુનિવર્સિટી ખાતે હતા તેની યુનિવર્સિટી કક્ષાએ સક્ષમ અધિકારીશ્રી દ્વારા પણ ખાત્રી કરવામાં આવેલ નથી. જે અંગે સ્પષ્ટતા સહ અન્વેષણને ખાત્રી કરાવવી ઘટે.

(૩) એફ. ડી. રજિસ્ટરમાં જે તે રોકાણો કર્યા અંગેની નોંધો કરવામાં આવેલ છે જેની સામે યુનિવર્સિટીના કોઇ સક્ષમ અધિકારીશ્રીની સહીઓ થયેલ નથી તો તમામ નોંધોમાં સક્ષમ અધિકારીશ્રીની સહીઓ મેળવી ઓડિટે ખાત્રી કરાવવી ઘટે. વધુમાં રોકાણો અને ટુંકી મુદતની થાપણો સક્ષમ અધિકારીશ્રીની કસ્ટડીમાં રાખવી અને ગુજરાત નાણાંકિય નિયમ

– ૧૭૬(૧) મુજબ જે કર્મચારી / અધિકારીને આવી કામગીરી સોંપવામાં આવેલ હોય તો તેની પાસેથી જામીનગીરી મેળવી લેવામાં આવેલ છે કે કેમ? તેની રેકર્ડ આધારિત ખાત્રી કરાવવી ઘટે.

(૪) રોકાણ રજિસ્ટર અવ્યવસ્થિત રીતે નિભાવવામાં આવેલ છે જેમાં અધિકારીશ્રીની સહી થયેલ નથી તેમજ વ્યાજની આવકની નોંધો થયેલ નથી. સદર રજિસ્ટરની કોઇ સક્ષમ અધિકારીશ્રી દ્વારા ચકાસણી કરવામાં આવતી હોય તેમ જણાતુ નથી જે ખુબ જ ગંભીર બાબત ગણાવી શકાય. આ બાબતે જવાબદારશ્રીનું અંગત ધ્યાન દોરી રજિસ્ટર અદ્યતન રીતે નિભાવી તમામ નોંધ પ્રમાણિત કરી ઓડિટ ખાત્રી કરાવવી ઘટે.

(૫) એફ. ડી. રજિસ્ટર સહી – સિક્કા રજિસ્ટરે પણ ચઢાવવામાં આવેલ નથી. આ રજિસ્ટરમાં કેટલા પાનાનો સમાવેશ થયેલ છે. તે વિગત સહિતનું પ્રમાણપત્ર સક્ષમ અધિકારીશ્રી દ્વારા આપવામાં આવેલ નથી.

ઉકત તમામ મુદ્દાઓની સ્પષ્ટતા સહ ઓડિટે રેકર્ડ આધારિત ખાત્રી કરાવવી ઘટે.

પ્રા. વાં. નં. ૪૦, તા.૧૨-૧૨-૧૧ નો જવાબ આપેલ નથી.

**ફકરા નં. ૭**

ગુજરાત યુનિવર્સિટી દ્વારા વિવિધ બેંકોમાં કરવામાં આવેલ રોકાણોના હિસાબમાં જણાયેલ અનિયમિતતા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને **૨૦૦૮-૦૯** ના વર્ષના અન્વેષણ દરમ્યાન વાર્ષિક હિસાબોની ચકાસણી કરતાં વાર્ષિક હિસાબના પરિશિષ્ટ – 'કે'માં જણાવ્યા મુજબ વિવિધ બેંકોમાં ટુંકી મુદ્દતની ડીપોઝીટો ખાતે રૂ.૭૧,૦૫,૬૦,૨૭૩.૦૦ ની રકમો વિવિધ બેંકોમાં રોકાણો તરીકે દર્શાવેલ છે. જેની ચકાસણી કરતાં નીચે પ્રમાણે ઓડિટ નોંધ આપવામાં આવે છે.

(૧) ગુજરાત યુનિવર્સિટી દ્વારા દર વર્ષે વિવિધ બેંકોમાં મોટી રકમના રોકાણો કરવામાં આવતા હોય છે અને મુદ્દત પુર્ણ થયે તે રોકાણો રીન્યુ પણ કરાવવામાં આવતા હોય છે. સદર રોકાણ રજીસ્ટરની ચકાસણી કરતાં રજિસ્ટરમાં બેંકવાર સિલક કાઢી તારીજ બનાવવામાં આવતી **નથી** વાર્ષિક હિસાંબોમાં રૂ.૭૧,૦૫,૬૦,૨૭૩.૦૦ પૈસા જેટલા જ રોકાણો રોકાણ રજિસ્ટરમાં નોંધવામાં આવેલ હતા કે કેમ? અને તેટલી રકમોના રોકાણો યુનિવર્સિટી પાસે હતા કે કેમ? તેની ખાત્રી થઇ શકેલ નથી.

(૨) બેંકોમાં મુકવામાં આવેલ એફ. ડી. ની નોંધ રોકાણ રજિસ્ટરમાં કર્યા પછી જયારે એફ. ડી. પાક્યા તારીખે રીન્યુ કરવામાં આવે છે. ત્યારે મુળ એફ. ડી. ની નોંધ ઉપર રાઉન્ડ કરી વ્યાજ સહિત નવી એફ. ડી.ની રસીદ આવે તેના સળંગ નંબર આપી એફ. ડી. રજિસ્ટરમાં નોંધ કરવી જોઇએ અને તે મુજબ વર્ષના અંતે કઇ બેંકમાં કેટલી એફ. ડી. છે. તેની તારીજ અને તમામ બેંકોની મળીને કુલ કેટલી એફ. ડી. (રોકાણો) છે તેની એકત્રિત તારીજ તૈયાર કરી વાર્ષિક હિસાબમાં દર્શાવેલ રકમો સામે મેળવણું કરવું જરૂરી છે. યુનિવર્સિટી દ્વારા આ પ્રથાનો અમલ કરેલ નથી. પરિણામે તા.૩૧-૩-૦૯ ના રોજ દર્શાવેલ રોકાણો યુનિવર્સિટી ખાતે હતા તેની યુનિવર્સિટી કક્ષાએ સક્ષમ અધિકારીશ્રી દ્વારા પણ ખાત્રી કરવામાં આવેલ નથી. જે અંગે સ્પષ્ટતા સહ અન્વેષણને ખાત્રી કરાવવી ઘટે.

(3) એફ. ડી. રજિસ્ટરમાં જે તે રોકાણો કર્યા અંગેની નોંધો કરવામાં આવેલ છે જેની સામે યુનિવર્સિટીના કોઇ સક્ષમ અધિકારીશ્રીની સહીઓ થયેલ નથી તો તમામ નોંધોમાં સક્ષમ અધિકારીશ્રીની સહીઓ મેળવી ઓડિટે ખાત્રી કરાવવી ઘટે. વધુમાં રોકાણો અને ટુંકી મુદ્દતની થાપણો સક્ષમ અધિકારીશ્રીની કસ્ટડીમાં રાખવી અને ગુજરાત નાણાંકિય નિયમ – ૧૭૬(૧) મુજબ જે કર્મચારી / અધિકારીને આવી કામગીરી સોંપવામાં આવેલ હોય તો

તેની પાસેથી જામીનગીરી મેળવી લેવામાં આવેલ છે કે કેમ? તેની રેકર્ડ આધારિત ખાત્રી કરાવવી ઘટે.

(૪) રોકાણ રજિસ્ટર અવ્યવસ્થિત રીતે નિભાવવામાં આવેલ છે જેમાં અધિકારીશ્રીની સહી થયેલ નથી તેમજ વ્યાજની આવકની નોંધો થયેલ નથી. સદર રજિસ્ટરની કોઇ સક્ષમ અધિકારીશ્રી દ્વારા ચકાસણી કરવામાં આવતી હોય તેમ જણાતુ નથી જે ખુબ જ ગંભીર બાબત ગણાવી શકાય. આ બાબતે જવાબદારશ્રીનું અંગત ધ્યાન દોરી રજિસ્ટર અદ્યતન રીતે નિભાવી તમામ નોંધ પ્રમાણિત કરી ઓડિટ ખાત્રી કરાવવી ઘટે.

(૫) એફ. ડી. રજિસ્ટર સહી – સિક્કા રજિસ્ટરે પણ ચઢાવવામાં આવેલ નથી. આ રજિસ્ટરમાં કેટલા પાનાનો સમાવેશ થયેલ છે. તે વિગત સહિતનું પ્રમાણપત્ર સક્ષમ અધિકારીશ્રી દ્વારા આપવામાં આવેલ નથી.

ઉકત તમામ મુદ્દાઓની સ્પષ્ટતા સહ ઓડિટે રેકર્ડ આધારિત ખાત્રી કરાવવી ઘટે.

પ્રા. વાં. નં. ૪૦, તા.૧૨-૧૨-૧૧ નો જવાબ આપેલ નથી.

**ફકરા નં. ૮** **હિસાબી શાખા**

**ઉપલક (સસ્પેન્સ) એકાઉન્ટ સદરે મોટી રકમો સરભર થયા વિનાની પડી રહેવા બાબત.**

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૮-૦૯ ના વર્ષના અન્વેષણ દરમ્યાન રજુ થયેલ લેઝરની ચકાસણી કરતાં નીચે મુજબની ઉપલક (સસ્પેન્સ) રકમો સરભર કરવાની બાકીમાં છે.

| ક્રમ નં. | સદર | ૨૦૦૮-૦૯ |
|---|---|---|
| ૧ | ૮૧૦૧૦૦૧ જી. પી. એફ. | ૧,૧૪,૦૩૫.૧૪ સી. આર. |
| ૨ | ૮૧૦૧૦૦૩ લાયબ્રેરી | ૨,૦૭,૧૨૧.૮૫ સી. આર. |
| ૩ | ૮૧૦૧૦૦૪ એકાઉન્ટ નં. ૨ | ૧,૦૧,૦૧૯.૩૦ ડી. બી. |

આવક ખર્ચની રકમનું વર્ગીકરણ નક્કી કરી ન શકાય ત્યારે તે રકમ ઉપલક (સસ્પેન્સ) સદરે નોંધવામાં આવે છે અને જ્યારે વર્ગીકરણ કરવામાં આવે ત્યારે તે રકમ ઉપલક સદરે સરભર કરવાની રહે છે. આ કાર્યવાહી નાણાંકીય વર્ષના અંતે પુર્ણ કરવાની રહે છે. પરંતુ હિસાબો વ્યવસ્થિત રીતે ન લખાવાના કારણે ઉપલક સદરની રકમ વર્ષના અંતે આગળ ખેંચવામાં આવે છે.

લાયબ્રેરી – ૮૧૦૧૦૦૩ સદર સસ્પેન્સ એકાઉન્ટમાં તા.૧-૪-૦૬ થી રૂ.૨,૦૭,૧૨૧.૦૦ ની જમા લીધેલ રકમ દર વર્ષે આગળ ખેંચવામાં આવે છે તો આ રકમ યોગ્ય સદરે જમા લઇ ઉપલક સદરે રકમ સરભર કરી ઓડિટને આધારિત ખાત્રી કરાવવા જણાવેલ તેમ છતાં સંસ્થાએ ખાત્રી કરાવેલ નથી. ઉપરોકત રકમો સત્વરે સરભર કરવા અંગેનું ઓડિટ સુચન છે.

**પ્રા. વાં. નં. ૩૫ તા.૧૭-૧૧-૧૧ નો સંસ્થાએ જવાબ રજુ કરેલ નથી.**

**ફકરા નં. ૯**

**યુવક સેવા સાંસ્કૃતિક કાર્યક્રમ માટે ફી પેટે મળેલ રકમ અને તેના ખર્ચમાં જણાયેલ અનિયમિતતા બાબત.**

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના **૨૦૦૮-૦૯** ના અન્વેષણ દરમ્યાન રજુ થયેલ દફતરની ચકાસણી કરતાં એકાઉન્ટ કોડ ૭૮૦૨૦૩૨ સદરે યુવક સેવા અને સાંસ્કૃતિક કાર્યક્રમો હેઠળ અન્વેષણ વર્ષ દરમ્યાન થયેલ આવક ખર્ચની વિગતો નીચે પ્રમાણે જોવા મળેલ હતી.

| વિગત | ૨૦૦૮-૦૯ |
|---|---|
| ૧/૪ ની ઉઘડતી સિલક | ૧,૩૪,૩૧,૧૪૩. ૦૦ |
| વર્ષ દરમ્યાન આવક | ૩૭,૭૮,૮૦૦.૦૦ |
| **કુલ** | ૧,૬૬,૦૯,૯૪૩. ૦૦ |
| વર્ષ દરમ્યાન ખર્ચ | ૧૨,૧૬,૫૨૬.૦૦ |
| | ૧.૫૩.૯૩,૪૧૭. ૦૦ |

એકઝીકયુટીવ કાઉન્સીલના તા. ૨૩-૫-૯૯ ની બાબત - ૧૭ ઓર્ડિનન્સ - ૧૫૦ સી માં કરવામાં આવેલ સુધારા યોજવા જરૂરી ખર્ચને પહોંચી વળવા માટે સંલગ્ન કોલેજોના વિદ્યાર્થી દીઠ એક સત્રના રૂ.૧૦/- લેખે વસુલાત મેળવી હિસાબમાં જમા લઇ જે તે પ્રવૃત્તિઓ અંગે ખર્ચ કરવાનો રહે છે.

હિસાબો ચકાસતાં જણાયેલ હતુ કે મળેલ કુલ આવકના સંદર્ભે સાંસ્કૃતિક કાર્યક્રમો પાછળ કરેલ ખર્ચ ખુબજ ઓછો રહેવાને કારણે પ્રતિ વર્ષ બચતમાં વધારો થયેલ હોવાનું જણાય છે જેથી વણ - વપરાયેલ રકમો સિલકમાં જોવા મળેલ હતી આમ જે હેતુ માટે આવક મેળવવામાં આવે છે તે હેતુ પરિપુર્ણ થતો નથી અને વિદ્યાર્થીઓ તેના લાભથી વંચિત રહે છે. આમ આવક મેળવી ખર્ચ નહીં કરવા બાબતે જવાબદારથી સ્પષ્ટતા થવી ઘટે અને સદર ભંડોળનો વિદ્યાર્થીઓના વિકાસની પ્રવૃત્તિઓ પાછળ ખર્ચવા ઓડિટનો અનરોધ છે.

ઓર્ડિનન્સ મુજબ સત્રદીઠ રૂ.૧૦/- લેખે બે સત્રના રૂ.૨૦/- લેખે સને ૨૦૦૮-૦૯ દરમ્યાન ૨,૭૯,૭૬૪/- નોંધાયેલ વિદ્યાર્થીઓના રૂ.૨૦/- લેખે રૂ.૫૫,૯૫,૨૮૦/- સંલગ્ન કોલેજો તરફથી મળવા જોઇએ જેની સામે સને ૨૦૦૮-૦૯ માં રૂ.૩૭,૭૮,૮૦૦.૦૦ જમા આવેલ છે. આમ સને ૨૦૦૮-૦૯ ની રૂ.૧૮,૧૬,૪૮૦/- જેટલી રકમ વસુલ કરવાની બાકીમાં રહે છે જે બાબતે બાકી કોલેજોના નામ તથા તેના નોંધાયેલ વિદ્યાર્થીઓની સંખ્યા દર્શાવી કઇ કોલેજની કેટલી

રકમ બાકીમાં નીકળે છે. તેની વિગતો તૈયાર કરી ઓડિટે પુરી પાડવા વિનંતિ તેમજ તેટલી રકમની સત્વરે વસુલાત મેળવી ઓડિટે ખાત્રી કરાવવી ઘટે.

પ્રા. વાં. ૭૪, તા.૨૭-૩-૧૨ નો સંસ્થાએ કરેલ જવાબ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

વસુલાતપાત્ર રકમ

૨૦૦૮-૦૯ - રકમ રૂ.૧૮,૧૬,૪૮૦/-

**ફકરા નં. ૧૦**

**પ્રશ્નપત્ર છપામણીના ખર્ચમાં જણાયેલ અનિયમિતતા બાબત.**

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના ૨૦૦૮-૦૯ ના વર્ષના અન્વેષણ દરમ્યાન હિસાબોની ચકાસણી કરતાં યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની પરીક્ષાના પ્રશ્નપત્રોની છપામણી પેટે કોન્ફિસેક પ્રિન્ટરીને <u>રકમ રૂ.૧,૧૩,૬૭,૫૮૫/-</u> નું ચુકવણું કરવામાં આવેલ છે.

દસ લાખથી વધુ રકમની ખરીદી / કામગીરી માટે ઇ-ટેન્ડરીંગથી ભાવ મેળવવા માટે સરકારશ્રીના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ નં. એસ.પી.ઓ./૧૦૧૨૦૦/૧૦૨૦૦૫/ ૧૪૦૭/સી.એચ., તા. ૨૨-૧૧-૨૦૦૬ના રોજ ઠરાવ થયેલ છે તેમ છતાં દસ લાખથી વધુ રકમની ખરીદી / કામગીરી માટે ઇ-ટેન્ડરીંગથી ભાવ મેળવવાને બદલે સંસ્થા દ્વારા સદરહું પ્રશ્નપત્રો છપાવવા માટે તા.૧૪-૧૨-૦૬ ના રોજના દૈનિકપત્રમાં જાહેર ખબર આપી અન્ય બાબતોની સાથે પ્રશ્નપત્ર છપામણીના ભાવો માટેના ટેન્ડરો મંગાવવામાં આવેલ હતા. સદરહું કામે સંસ્થા દ્વારા કુલ – ૪ ટેન્ડર ફોર્મ ઇસ્યુ કરવામાં આવેલ હતા. જે પૈકી (૧) મે. થોમસન પ્રેસ ઇન્ડિયા લિ. (૨) મે. જય ટ્રેડર્સ (૩) મે. કોન્ફેસિક પ્રિન્ટરી (૪) મે. મિરર ઇમેજ પ્રા. લિ. એમ. કુલ ચારેય પાર્ટીઓ તરફથી ટેન્ડર ફોર્મ ભરાઇને આવેલ હતા. સદરહું ટેન્ડર પ્રક્રિયા ટુ બીડ ટેન્ડર પધ્ધતિ દ્વારા કરવામાં આવેલ હતી. જેમાં (૧) ટેકનીકલ બીડ મંગાવવાનો મુખ્ય આશય સંસ્થા દ્વારા ચારેય બીડરની સદરહું કામ કરવા માટેની ટેકનીકલ શક્તિને ચકાસવાનો હતો. ઓડિટ દરમ્યાન ટેકનીકલ બીડને લગતું રેકર્ડ કે ફાઇલ રજુ થયેલ ન હતું પરિણામે સંસ્થા દ્વારા ચારેય બીડરોની તાંત્રિક ચકાસણીનું મુલ્યાંકન પારદર્શિતાની ચકાસણી ઓડિટ દ્વારા થઇ શકેલ નથી.

સંસ્થા તરફથી રજુ થયેલ કોમર્શીયલ બીડના રેકર્ડની ચકાસણી કરતાં ઉપરોકત તમામ ચારેય બીડરો તરફથી ભાવો ભરાઇને આવ્યા હતા. સદરહું ભરાઇ આવેલા ભાવોનું કમ્પેરેટીવ સ્ટેટમેન્ટ ચકાસતાં સંસ્થા દ્વારા કુલ બે પ્રકારે અલગ - અલગ કવોન્ટીટી માટેના પ્રિન્ટીંગ કામ માટેના ભાવો મંગાવવામાં આવ્યા હતા. જેમા મુખ્યત્વે બે પ્રકાર હતા. (૧) સિંગલ સાઇડ પ્રિન્ટીંગનો ભાવ (૨) ડબલ સાઇડ પ્રિન્ટીંગનો ભાવ પ્રિન્ટીંગના ભાવોની સાથે સાથે સંસ્થા દ્વારા કાન્સલેશન ચાર્જ, ફોલ્ડિંગ ચાર્જ, મેળવણી ચાર્જ, ટુ પીન સ્ટીચીંગ ચાર્જ, પેકિંગ કવર ચાર્જ વગેરે જેવા વધારાની કામગીરી માટેના ભાવો પણ મંગાવવામાં આવેલ હતા. સદરહું ખર્ચના વાઉચરોની ચકાસણી કરતાં સદરહું છપામણીનો મોટા ભાગનો ખર્ચ ટુ સાઇડ પ્રિન્ટીંગનો છે. પ્રશ્નપત્ર છાપકામની કામગીરીના બીલના જથ્થાને ધ્યાનમાં લેવાય તો મુખ્યત્વે છાપકામનો જથ્થો એક હજાર કે તેનાથી વધુ નકલનો જણાયેલ હતો અને એવા સંજોગોનાં કમ્પેરેટીવ

**સ્ટેટમેન્ટમાં પ્રથમ ૧૦૦૦ નકલ અને ત્યારબાદના વધારાના પ્રત્યેક ૧૦૦૦ નકલના ભાવો ધ્યાનમાં લઇ કમ્પેરેટીવ સ્ટેટમેન્ટને મુલવવું જરૂરી જણાયેલ હતું. પ્રથમ ૧૦૦૦ નકલ અને** પ્રત્યેક ૧૦૦૦ નકલની ઓવર પુલીંગની શ્રેણીમાં આવેલા ભાવો નીચે મુજબ જણાયેલા હતા.

| ક્રમ | વિગત (શ્રેણી) | થોમસન પ્રેસ ઇન્ડિયા | જય ટ્રેડર્સ | કોન્ફિસેક પ્રિન્ટર | મિરર ઇમેજ |
|---|---|---|---|---|---|
| ૧ | પ્રત્યેક પ્રથમ ૧૦૦૦ નકલનો ભાવ (ડબલ સાઇડ) | ૧.૦૮ | ૧.૪૪ | ૧.૧૦ | ૧.૮૦ |
| ૨ | પ્રત્યેક વધારાના ઓવર પુલીંગના દર હજાર નકલના | ૦.૭૦ | ૧.૩૬ | ---- | ૦.૬૬ |

સદરહું ખર્ચના કિસ્સામાં નીચે મુજબની અનિયમિતતા જણાયેલ હતી.

(૧) સદરહું કિસ્સામાં મે. કોન્ફિસેક પ્રિન્ટર્સ દ્વારા અપાયેલા ભાવો અલાયદા કાગળમાં તેમજ ટ્રાન્સલેશન, ફોલ્ડીંગ મેળવણી ટુ પીન સ્ટીચીંચ, પેકીંગ વગેરે ચાર્જ સહિતનો જણાયેલ હતો. જે ટેન્ડરની શરત મુજબ ટેન્ડર ફોર્મમાં ભાવ ભરવાના હોવા છતાં ટેન્ડર ફોર્મમાં નહિ ભરતાં માત્ર સાદા કાગળ ઉપર કોમ્પ્યુટર ટાઇપથી ભરીને ટેન્ડર ફોર્મની સાથે જોડેલ હતાં. મે કોન્ફિસેક પ્રિન્ટર્સ દ્વારા અપાયેલા ભાવ પ્રાથમિક દૃષ્ટિએ પ્રત્યેક નકલના જણાય છે. એટલે કે એક પાના ઉપર એક જ તરફના છાપકામના ભાવ જણાયેલ છે. તેમ છતાં પણ તેનો કોમર્શીયલ બીડના કમ્પેરીઝનમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

(૨) સદરહું ટેન્ડરના કોમર્શીયલ બીડના કોઇ કમ્પેરેટીવ સ્ટેટમેન્ટ સંસ્થઃ દ્વારા બનાવી તેના આધારે આવેલ ભાવોમાં લઘુત્તમ ભાવો નક્કી કરી વર્ક ઓર્ડર આપ્યો હોય તેમ જણાતું નથી.

(3) ઉપરોકત ફકરામાં ચારેય પાર્ટીઓના દર્શાવેલ ભાવોની ચકાસણી કરતાં પ્રાથમિક દૃષ્ટિએ મે. થોમસન પ્રે ઇન્ડિયા લિ. ના ભાવો લઘુત્તમ જણાયેલ હોવા છતાં સદરહું સંસ્થાને કામગીરી નહિ ફાળવવાની અને કોન્ફિસેક પ્રિન્ટરના ભાવ મંજુર કરવાના કારણો ની કોઇ નોંધ ફાઇલ ઉપર જણાયેલ નથી.

(૪) પરીક્ષાના પ્રશ્નપત્રોની છપામણીની કામગીરી સંસ્થા દ્વારા કરવામાં આવતી નિયમિત પ્રકારની કામગીરી છે. તેથી ગત વર્ષની અથવા પાછલા ત્રણ વર્ષની વિદ્યાર્થીઓની

સંખ્યાના આધારે વિષયવાર સંભવિત પ્રશ્નપત્રોની સંખ્યા નક્કી કરી સમગ્ર ટેન્ડર પ્રક્રિયાના ભાવોનું મુલ્યાંકન થવુ જરૂરી હતું. તેમ છતાં આવુ કોઇ મુલ્યાંકન ફાઇલ ઉપર જણાયેલ નથી.

(૫) સરકારશ્રી તથા ચીફ વિજીલન્સ કમિશ્નરશ્રી દ્વારા બહાર પડાયેલ માર્ગદર્શક સુચનાઓ મુજબ સમગ્ર ટેન્ડર પ્રક્રિયામાં સૌથી લઘુત્તમ ભાવ ભરનાર (એલ૧) પાર્ટી સાથે જ પ્રાઇઝ નેગોશીએશન કરવાનું સુચવવામાં આવેલ છે. તેમ છતાં પણ પ્રાથમિક દ્રષ્ટિએ એલ૧ જણાતાં મે. થોમસન પ્રેસ લિ. સાથે કોઇ પણ પ્રકારનું પ્રાઇઝ નેગોશીએશન કર્યાનું અથવા તો થયાનું ફાઇલ ઉપર જણાતું નથી.

(૬) ટેકનીકલ બીડની ચકાસણી સંસ્થા દ્વારા કરવામાં આવેલ હોઇ ભાવો ભરનાર ચારેય પાર્ટી તાંત્રિક રીતે આ કામગીરી કરવા માટે સંપુર્ણ રીતે સક્ષમ હોવાનું પ્રતિપાદિત થતુ હોવા છતાં તા.૩-૨-૨૦૦૭ ના રોજની ફાઇનાન્સ સમિતિના ઠરાવ નં. ૩ મુજબ કોમર્શીયલ બીડમાં આવેલા ભાવોને ધ્યાનમાં લીધા સિવાય પાછલા વર્ષમાં કામ કરતી એજન્સીને આગામી ૨૦૦૭-૦૮, ૨૦૦૮-૦૯ ના વર્ષ માટે પ્રશ્ન પત્ર છપામણીની કામગીરી આપવાની બાબતે એક્ઝીક્યુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવી હતી. અને સમગ્ર ટેન્ડર પ્રક્રિયા દુષિત થયેલ હતી. આવા સંજોગોમાં પાછળના બે વર્ષ દરમ્યાન મે. કોન્ફિસેક પ્રિન્ટર્સ દ્વારા કામગીરી થયાનું તેમજ તેના દ્વારા અપાયેલ ભાવો લઘુત્તમ હોવાનું રેકર્ડ આધારિત ખાત્રી થઇ શકતી નથી. ઓડિટને ખાત્રી કરાવવી ઘટે.

(૭) સંસ્થા દ્વારા મે. કોન્ફિસેક પ્રિન્ટર્સને તા.૫-૩-૨૦૦૭ ના રોજ વર્ક ઓર્ડર નીચે મુજબ ઠરાવેલ ભાવે ઇસ્યુ કરવામાં આવ્યો હતો. જે ભાવોને અત્રેના ઓડિટ દરમ્યાન પ્રાથમિક દ્રષ્ટિએ લઘુત્તમ જણાયેલ મે. થોમસન પ્રેસ લિ. ના ભાવો સાથે સરખામણી કરતા મે. થોમસન પ્રેસ લિ. ના ભાવો લઘુત્તમ જણાયેલ હતા.

| ક્રમ | વિગત | મે. કોન્ફિસેક પ્રિન્ટર્સના સરેરાશ ભાવો | મે. થોમસન પ્રેસ લિ. ના સરેરાશ ભાવો | લઘુત્તમ જણાયેલ ભાવો |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | પ્રથમ પ્રતિ ૧૦૦૦ નકલના ભાવ | ૦.૯૫ | ૦.૫૪ | ૦.૫૪ |
| ૨ | ૧૦૦૦ થી ૨૦૦૦ નકલ | ૦.૮૫ | ૦.૫૪ | ૦.૫૪ |
| ૩ | ૨૦૦૦ થી ૩૦૦૦ નકલ | ૦.૫૫ | ૦.૪૮ | ૦.૪૮ |
| ૪ | ૩૦૦૦ થી ૪૦૦૦ નકલ | | ૦.૪૫ | ૦.૪૫ |
| ૫ | ૪૦૦૦ થી ૫૦૦૦ નકલ | | ૦.૪૩ | ૦.૪૩ |

| | | | | |
|---|---|---|---|---|
| ૬ | ૫૦૦૦ થી ૬૦૦૦ નકલ | ૦.૪૨ | ૦.૪૧ | ૦.૪૧ |
| ૭ | ૬૦૦૦ થી ૭૦૦૦ નકલ | | ૦.૪૦ | ૦.૪૦ |
| ૮ | ૭૦૦૦ થી ૮૦૦૦ નકલ | | ૦.૪૦ | ૦.૪૦ |
| ૯ | ૮૦૦૦ થી ૯૦૦૦ નકલ | | ૦.૩૯ | ૦.૩૯ |
| ૧૦ | ૯૦૦૦ થી ૧૦,૦૦૦ નકલ | | ૦.૩૬ | ૦.૩૬ |
| ૧૧ | ૧૦,૦૦૦ થી ૨૫૦૦૦ નકલ | ૦.૩૬ | ---- | ૦.૩૬ |
| ૧૨ | ૨૫૦૦૦ થી ૫૦૦૦૦ નકલ | ૦.૩૨ | ---- | ૦.૩૨ |
| ૧૩ | ૫૦,૦૦૦ થી ઉપર | ૦.૩૧ | ---- | ૦.૩૧ |

આમ, ઉપરની વિગતો જોતાં પ્રથમ ૧૦,૦૦૦.૦૦ નકલો સુધી સરેરાશ મે. થોમસન પ્રેસ લિ. ના ભાવો તથા ૧૦,૦૦૦.૦૦ ઉપર મે. કોન્ફિસેકના ભાવો લઘુત્તમ જણાયેલ છે. આવા સંજોગોમાં ટેન્ડરમાં નિયત થયેલ વિગતોની ખરાઇ કરતાં પ્રાથમિક દ્રષ્ટિએ ભાવોની વિગતની ખરાઇ કરતાં આવેલ ભાવોને ગત ત્રણ વર્ષના સરેરાશ ભાવો સાથે તુલના કરી ભાવોની સરખામણી કરી ભાવના વાજબી પણાની ખાતરી કરી ભાવ મંજુર કરવાની જરૂર હતી. પરંતુ તેમ થયાનું ફાઇલ ઉપર જણાતું નથી.

આવા સંજોગોમાં ઉપરની વિગતે દર્શાવેલ લઘુત્તમ જથ્થાવાર ભાવોની તુલના કરી આવેલ લઘુત્તમ ભાવો મંજુર કરવામાં આવ્યો હોત તો પ્રથમ ૧૦,૦૦૦.૦૦ નકલ માટે મે. થોમસન પ્રેસ લિ. તથા ૧૦.૦૦૦.૦૦ ઉપરની નકલો માટે મે. કોન્ફિસેકને વર્ક ઓર્ડર આપવાની જરૂર હતી અને જો તે મુજબ વર્ક ઓર્ડર આપવામાં આવ્યો હોતતો નીચેની વિગતે માત્ર છાપકામનું વધુ ચુકવણું અટકાવી શકાયુ હોત.

| અ. નં. | વા. નં. | તારીખ | ચુકવાયેલ કુલ રકમ | પ્રિન્ટીંગ ચાર્જ ચુકવેલ રકમ | પ્રિન્ટીંગ ચાર્જ ચુકવવાપાત્ર | તફાવત |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૬૫૧ | 30-૬-0૮ | ૨૨,૬૨,૯૨૯ | ૨૦,૨૯,૩૨૦ | ૧૪,૪૭,૭૬૦ | ૫,૮૧,૫૬૦ |
| ૨ | ૧૯૪૮ | ૧૧-૭-0૮ | ૧૧,33,3૬0 | ૧૦,૬૭,૧૦૦ | ૫,૫૨,૪૬૫ | ૫,૧૪,૬3૫ |
| 3 | ૧૯૪૯ | !! | ૪૪,૪૯,૨3૯ | ૩૯,૦૬,૪૨૦ | ૨૫,૨૯,૨૮૬ | ૧3,૭૭,૧3૪ |
| ૪ | ૨૨૧3 | 30-૭-0૮ | ૬0૧૬ | ---- | ---- | ---- |
| ૫ | ૭૨3૭ | ૧૮-3-0૮ | 3૫,૧૬,0૪૧ | 3૧,૮૮,૮00 | ૧૫,3૬,3૪૫ | ૧૬,૫૨,૪૫૫ |
| કુલ | | | ૧,૧3,૬૭,૫૮૫ | ૧.0૧.૯૧.૬૪0 | ૬0.૬૫.૮૫૬ | ૪૧.૨૫.૭૮૪ |

(૮) ટેન્ડર પ્રક્રિયાની પારદર્શિતા પ્રતિપાદિત કરવા માટે સામાન્ય રીતે ટેન્ડરો નિયત તારીખ અને સમયે ટેન્ડર ભરનાર પાર્ટીના પ્રતિનિધિની રૂબરૂમાં ખોલવામાં આવે છે અને દરેક

ટેન્ડરમાં આવેલા ભાવો તમામ હાજર પ્રતિનિધિઓને રૂબરૂમાં સંભળાવવામાં આવે છે અને આ સમગ્ર બાબતનું રોજકામ સામાન્ય રીતે કરવામાં આવે છે આવી કોઇ બાબત સદરહું ખર્ચની ફાઇલમાં જણાઇ આવેલ ન હતી.

(૯) ભરાઇ આવેલ ટેન્ડરની વિગતોમાં માંગવામાં આવેલ તમામે તમામ વિગતો સંસ્થા તરફથી ઇસ્યુ કરવામાં આવેલ ટેન્ડર ફોર્મમાં જ ભરવાની શરત હોવા છતાં પાર્ટીની કે દરની કોઇપણ વિગત વગરના આવેલા ટેન્ડર ફોર્મમાં સંસ્થાના નામની કે ભાવોની વિગત દર્શાવેલ ન હોવાથી આ પ્રકારનું ટેન્ડર ફોર્મ રદ કરવાના સ્થાને મે. કોન્ફિસેકના નામથી ટેન્ડરને સ્વીકૃતિ અપાયેલ હતી. જે પારદર્શક ટેન્ડર પ્રક્રિયાની તદ્દન વિરૂધ્ધમાં છે.

(૧૦) ટેન્ડરમાં દર્શાવેલ ભાવો ટેન્ડરની શરત નં. ૨૦ ની જોગવાઇ મુજબ પેકિંગ ચાર્જ, કરવેરા જકાત વગેરે સહિતનો હોવા છતાં ઉકત વાઉચરની વિગતે કરેલા ચુકવણામાં સંસ્થા દ્વારા મે. કોન્ફિસેક પ્રિન્ટર્સ લિ. ને રૂ.૫,૫૭,૩૨૩/- જેટલી રકમ વેટ તરીકે વધારાની ચુકવવામાં આવેલ હતી. જે પરત વસુલ મેળવવા પાત્ર છે.

(૧૧) સંસ્થા દ્વારા માંગવામાં આવેલા ભાવો આગામી બે વર્ષ માટેના હોઇ ટેન્ડરની શરત નં. ૪ ની જોગવાઇ મુજબ આ સમયગાળા દરમ્યાન કોઇ પણ પ્રકારનો ભાવવધારો મળવાપાત્ર ન હોવા છતાં સંસ્થા દ્વારા તેઓના તા.૧૭-૧૦-૨૦૦૭ ના પત્રથી માનનીય કુલપતિશ્રીના હુકમ મુજબ પ્રથમ પાંચ હજાર સુધીની નકલોના દરમાં ૦.૦૫ પૈસા વધારો કરેલ હતો. જે વધારો ટેન્ડરની શરત – ૪ મુજબ મળવાપાત્ર નથી. આમ. ટેન્ડરની શરતમાં જોગવાઇ ન હોવા છતાં કયા કારણોસર ભાવ વધારો આપવામાં આવેલ હતો. તે બાબતે જવાબદારોથી આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે.

(૧૨) ટેન્ડર પ્રક્રિયાના ભાગરૂપે વર્કઓર્ડર આપ્યા બાદ સંસ્થા દ્વારા નિયત સમયમર્યાદામાં પાર્ટી સાથે જરૂરી સ્ટેમ્પ પેપર ઉપર કોન્ટ્રેકટ કરવાનો રહેતો હતો પરંતુ આવા કોન્ટ્રાકટની કોઇ વિગતો / રેકર્ડ ઓડિટ દરમ્યાન રજુ થયેલ નથી. જેથી કોન્ટ્રાકટની શરતોની ચકાસણી થઇ શકેલ નથી.

(૧૩) સંસ્થા દ્વારા મે. કોન્ફિસેક પ્રિન્ટર્સને અપાયેલ વર્ક ઓર્ડરમાં દર્શાવેલ ભાવો તેમજ પાર્ટી દ્વારા બીલમાં મજુર કરેલ ઉંચા ભાવો ચાર્જ કરેલ ભાવો ઘણા બધા કિસ્સામાં અલગ હોવાનું ઓડિટના ધ્યાને આવેલ હતું આવા સંજોગોમાં સદરહું બીલોની ચકાસણી માટે

ગોઠવાયેલ આંતરિક સંજોગોમાં સદરહું બીલોની ચકાસણી માટે ગોઠવાયેલ પ્રિ-ઓડીટની આંતરિક ઓડિટ પધ્ધતિ પણ વિશ્વાસનીય જણાયેલ નથી.

(૧૪) પરીક્ષાના પ્રશ્નપત્રોના છાપકામની કામગીરી અત્યંત સંવેદનશીલ પ્રકારની તેમજ ગોપનીય પ્રકારની હોય તે સ્વાભાવિક છે. પરંતુ જ્યાં પરીક્ષાલક્ષી કામગીરી પુર્ણ થાય ત્યારબાદ આવી સંસ્થાની ગોપનીયતા જાળવી રાખવાની બાબત યોગ્ય જણાતી નથી અને આ જ ગોપનીયતાના સંદર્ભમાં મે. કોન્ફિસેક પ્રિન્ટર્સ દ્વારા યોગ્ય નમુનાના બીલમાં ચુકવણાનો દાવો કરવાને બદલે કોઇપણ પ્રકારની વિગતો સિવાયના કોરા કાગળ ઉપર બીલ બનાવી રજુ કરવાની તેમજ સંસ્થા દ્વારા તે બીલ ઉપર ચુકવણી કરવાની બાબત ઓડિટ માન્ય નથી. આ અંગે યોગ્ય પ્રિ –ઓડીટ પ્રથા અપનાવેલ નથી.

(૧૫) મે. કોન્ફિસેક પ્રિન્ટર્સના બીલોની ચકાસણી કરતાં છાપકામના દર ઉપરાંત એનવેલપ ચાર્જ અને કવર વગેરેના દરો પણ સંસ્થા પાસેથી વસુલ કરવામાં આવેલ હતા. સદરહું છાપકામ તેમજ કવરો વગેરેના ચુકવણા કરતાં પહેલા સદરહું છાપકામ / કવરોની સંખ્યા તેમજ દર વગેરે બાબતે સમગ્ર રીતે પરીક્ષાની કામગીરી સંભાળતી પરીક્ષા શાળા / પરીક્ષા નિયામક દ્વારા તેની ખાત્રી કરાવ્યા બાદ જ ચુકવણી કરવાની જરૂરિયાત હતી. તેમ છતાં પણ આવા ચુકવણા કરતાં પુર્વે પરીક્ષા નિયામક / પરીક્ષા શાખા દ્વારા કોઇ પ્રતિ ચકાસણી થયાનું રેકર્ડ આધારિત જણાતું નથી. પરિણામે મે. કોન્ફિસેક પ્રિન્ટર્સ દ્વારા બીલમાં દર્શાવેલ જથ્થાની ખરેખર મળેલ જથ્થા સાથે ખરાઇ થઇ શકેલ નથી.

યુનિવર્સિટી પાસે પોતાનો પ્રેસ હોવા છતાં પ્રશ્ન પત્રો તેમજ ઉત્તરવહીઓ ખાનગી ધોરણે, બહાર કરાવવાને કારણે યુનિવર્સિટીને ખુબ જ મોટા પ્રમાણમાં ખર્ચ કરવું પડે છે અને નુકસાન થવા પામે છે.

પરીક્ષાના પ્રશ્નપત્રો તથા ઉત્તરવહી છાપકામની કામગીરી ગુપ્ત રહે તેમજ સ્વયં સંચાલિત ધોરણે એટલે કે નહીં નફો નહી નુકસાનના ધોરણે કરવા માટે યુનિવર્સિટી ખાતે અદ્યતન પ્રકારની મશીનરી ખરીદી જંગી નાણાંનુ રોકાણ કરવા છતાં આ પ્રકારે બહાર કામ કરાવવાથી પ્રેસની સ્થાપનાનો મુખ્ય હેતુ સિધ્ધ થતો તેમજ સંસ્થા તેના ફાયદાથી વંછીત રહેલ છે અને બહારથી ખાનગી ધોરણે કામ કરાવવા સબબ જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

વસુલાતપાત્ર વેટની રકમ – રૂ.૫,૫૭,૩૨૩/-

વાંધા હેઠળ – ૨૦૦૮-૦૯ – રૂ. ૨,૨૩,૩૫,૦૨૪/-

**ફકરા નં. ૧૧(અ)**

**ઉત્તરવહીઓ તથા ખાખી સ્ટીકરની ખરીદીની ખર્ચમાં જણાયેલ અનિયમિતતા બાબત.**

---

ગુજ. યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૮-૦૯ ના વર્ષના અન્વેષણ દરમ્યાન સંસ્થાએ રજુ કરેલ વાઉચરો તથા ઉત્તરવહીની ખરીદી અંગેની ટેન્ડર ફાઇલોની ચકાસણી કરતાં સંસ્થાએ વર્તમાન પત્રમાં જાહેરાત આપી, ટેન્ડર પ્રક્રિયા કરી ભાવો મેળવી નીચે દર્શાવેલ વિગતે વિલ્સન પ્રિન્ટ સીટી લિ. અમદાવાદ પાસેથી ખરીદી કરી ચુકવણું કરવામાં આવેલ છે.

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૭-૦૯ ના અન્વેષણ દરમ્યાન ઉત્તરવહી છપામણીના દફતરની ચકાસણી કરતાં સને ૨૦૦૮-૦૯ ના વર્ષ દરમ્યાન ૩૨ પેજ મુખ્ય ઉત્તરવહી તેમજ ખાખી સ્ટીકરની ખરીદી કરવામાં આવેલ હતી જે બાબતે નીચે પ્રમાણે ઓડિટ નોંધ આપવામાં આવે છે.

સદર કામે ગુજરાત સમાચાર વર્તમાન પત્રમાં તારીખ ૭-૨-૦૮ ના રોજ જાહેરાત આપી ૩૫ લાખ. ૩૨ પેજ મુખ્ય ઉત્તરવહી તેમજ ૩૦ લાખ ખાખી સ્ટીકર ખરીદવા માટે જાહેરાત આપવામાં આવેલ હતી. ફાઇલની ચકાસણી કરતાં કામે કુલ આઠ ટેન્ડર ફોર્મનું વેચાણ થયેલ હોવાનું જાણવા મળેલ જે પૈકી નીચે જણાવેલ પાંચ પાર્ટીઓના ટેન્ડરો ભરાઇને તા.૧૮-૨-૦૮ ના રોજ ડીસ્પેચ વિભાગને મળેલ હતા.

(૧) હાઇસ્કેન પ્રા. લિ.
(૨) જય ટ્રેડર્સ
(૩) વિલ્સન પ્રિન્ટ સીટી લિ.
(૪) ક્રિસ્ટલ ફોમ્સ લિ.
(૫) એલાઇડ ઓફ સેટ પ્રિન્ટર્સ

મા. કુલપતિશ્રીના આદેશ અનુસાર આવેલ ટેન્ડરોના ટેકનીકલ બીડ યુનિવર્સિટીના વિકાસ અધિકારીશ્રીની હાજરીમાં તા.૨૦-૨-૦૮ ના રોજ ૧૨.૩૦ કલાકે ખોલવામાં આવેલ હતાં જે તે સમયે નીચે જણાવેલ વહેપારીઓના પ્રતિનિધિઓ હાજર રહેલ હતા.

(૧) જય ટ્રેડર્સ
(૨) વિલ્સન પ્રિન્ટ સીટી લિ.
(૩) ક્રિસ્ટલ ફોમ્સ લિ.
(૪) એલાઇડ ઓફ સેટ પ્રિન્ટર્સ

વિકાસ અધિકારીશ્રી સમક્ષ નિયત સમયે એટલે કે બપોરે ૧૨.૩૦ કલાકે ખોલતાં ટેન્ડરની છાપેલી શરત મુજબ મે. ફાઇસ્કેન પ્રા. લિ. ના ટેકનીકલ બીડ સાથે અર્નેસ્ટમની ડીપોઝીટનો રૂપિયા પાંચ લાખનો ડ્રાફટ સામેલ ન હતો જેની નોંધ હાજર સૌ વહેપારીઓએ લીધેલ અને તે અંગેનું લખાણ વિકાસ અધિકારીશ્રી તથા પ્રેસ મેનેજરશ્રીએ ટેકનીકલ બીડ ઉપર કરેલ હતુ તેમ જણાવેલ છે.

હાજર વેપારીઓ ગયા બાદ બપોરે ૨.૩૦ કલાકે ફાઇ સ્કેનના પ્રતિનિધિ આવેલ અને તેમણે જણાવેલ કે અર્નેસ્ટમની ડીપોઝીટનો ડ્રાફટ કોમર્શીયલ બીડ સાથે મુકેલ હતો અને તે મુજબનું લખાણ લીધેલ આ સંજોગોમાં તેઓનું ટેન્ડર ધ્યાને લેવુ કે કેમ? તે અંગે આદેશ આપવા રજુ કરેલ પરંતુ તે બાબતે કોઇ આદેશ થયેલ હોય તેમ જણાતુ નથી.

ટેકનીકલ બીડની શરત નં. ૨૭ મુજબ સ્થળ તપાસ કરવાની થાય છે સ્થળ તપાસનો રીપોર્ટ આવ્યા બાદ કોમર્શીયલ બીડ ખોલવું કે નહિ તે અંગેનો નિર્ણય યુનિવર્સિટીનો અબાધિત રહેશે આમ નીચે જણાવેલ સભ્યોની એક સમિતિની રચના કરવામાં આવેલ હતી.

| | | | |
|---|---|---|---|
| (૧) | ડૉ. આર. એસ. પટેલ | - | ડીનશ્રી એજ્યુકેશન વિદ્યાશાખા |
| (૨) | ડૉ. બી. વી. પટેલ | - | ડીનશ્રી વિજ્ઞાન વિદ્યા શાખા |
| (૩) | શ્રી કે. ડી. વોરા | - | પ્રકાશન અધિકારી |

ઉપરોકત સમિતિએ સ્થળ તપાસ કરીને ફાઇસ્કેન પ્રા. લિ. માં છાપકામ પછી ફોલ્ડીંગ અલગ મશીન ઉપર કરવુ પડે, મશીનો શીટ ફંડ ઓફસેટ પધ્ધતિના છે. નંબરીંગ, કટીંગ, સિલાઇ કામ અલગ – અલગ મશીનો ઉપર કરવુ પડે જે સમય માગીલે તેવુ કામ છે. તેમજ તેઓએ રજુ કરેલ નમુનાનો કાગળ હલકી ગુણવત્તાનો છે. તેમજ ટેકનીકલ બીડ ખોલતાં કોઇ પ્રતિનિધિ હાજર રહેલ ન હતા તેવા કારણો દર્શાવી સ્પર્ધામાંથી બાકાત રાખેલ છે.

ક્રિસ્ટલ ફોમ્સ લિ. ના ટેકનીકલ બીડમાં જણાવ્યા મુજબ ગાંધીનગર અંકલેશ્વર તેમજ મુંબઇના એકપણ યુનિટ ખાતે સિલાઇ મશીનની કોઇ વ્યવસ્થા નથી આમ તેઓને સ્પર્ધામાંથી બાકાત રાખેલ છે.

એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ માટે સીલાઇ મશીન અંગેની કોઇ વ્યવસ્થા નથી. ગમીંગ – કટીંગ અંગેની વ્યવસ્થા ઇન હાઉસ નથી જગ્યા સાંકડાશ વાળી છે સ્ટોરેજ માટે અલગ ગોડાઉન ભાડે રાખવુ પડે તેમ છે વિગેરે કારણો દર્શાવી સ્પર્ધામાંથી બાકાત રાખેલ છે.

ઉપરોકત વિગતો જોતાં ફાઇસ્કેન પ્રા. લિ. નો કાગળ બરાબર ન હતો (નમુના મુજબ) અને તે રૂ.૩.૪૫ ના ભાવથી કામ કરવા તૈયાર હતા. જેની સામે વિલ્સન પ્રિન્ટસીટી પ્રા. લિ. દ્વારા પણ આજ પ્રકારનો એટલે કે ' સી' ગ્રેડનો કાગળ જોઇતો હોય તો રૂ.૩.૪૧ માં કામ કરવા તૈયારી દર્શાવેલ હતી.

ઉપરોકત વિગતે આવેલ ભાવો પૈકી વિલ્સન પ્રિન્ટ સીટી લિ. સાથે નેગોશીયેશન કરી આવેલ ભાવ ૩૨ પેજ ઉત્તરવહીનો રૂ.૫.૨૨ તેમજ ખાખી સ્ટીકર રૂ.૦.૨૫ પૈસા થી ઘટાડીને રૂ.૪.૯૦ અને ૦.૨૨ પૈસા સુધી લાવેલ હતા જ્યારે ક્રિસ્ટલ ફોમસ લિ. ના ૩૨ પેજ ઉત્તરવહીના રૂ.૩.૫૪ અને ખાખી સ્ટીકરનો ભાવ રૂ.૦.૧૬ પૈસા હોવા છતાં તેઓ સાથે કોઇ પણ પ્રકારનું નેગોશીયેશન કરવામાં આવેલ નથી આમ વિલ્સન પ્રિન્ટ સીટીના ૩૨ પેજ ઉત્તરવહીના ભાવ ૪.૯૦ ની સામે ક્રિસ્ટલ ફોર્મસ લિ. ના રૂ.૩.૫૪ ગણતાં રૂ.૧.૩૬ નો તફાવત જોતાં ૩૫ લાખ ઉત્તરવહીના રૂ.૪૭,૬૦,૦૦૦/- વધુ ચુકવેલ છે. તે જ પ્રમાણે વિલ્સન પ્રિન્ટ સીટી લિ. ના ખાખી સ્ટીકરના ભાવ ૦.૨૨ પૈસા સામે ક્રિસ્ટલ ફોમ્સ વિના ૦.૧૬ પૈસા ગણતાં ૩૦ લાખ ખાખી સ્ટીકર માટે ૦.૦૬ પૈસા લેખે રૂ.૧,૮૦,૦૦૦/- નું વધારે ચુકવણું કરેલ છે. આમ સંસ્થાને રૂ.૪૯,૪૦,૦૦૦/- આર્થિક નુકસાન થવા પામેલ છે જે બાબતે જવાબદારોથી આધાર સહ સ્પષ્ટતા થતાં સુધી રકમ વાંધા હેઠળ રાખવામાં આવે છે અને આમ વિલ્સન પ્રિન્ટ સીટીને કામ આપવા માટે જ અને તેને લાભ કરાવી આપવાના હેતુથી જ કાર્યવાહી કરવામાં આવેલ હોય તેમ જણાય છે.

તેજ પ્રમાણે જય ટ્રેડર્સ માટે સ્થળ તપાસ સમિતિના અહેવાલ મુજબ પ્રિન્ટીંગ મશીનની કોઇ ઇન હાઉસ વ્યવસ્થા નથી. ઉત્તરવહીનું છાપકામ બહારના પ્રેસ પાસે કરાવ્યા બાદ સિલાઇ મશીન તથા નંબરીંગનું કામ બહાર બેસાડી કરાવવાની વ્યવસ્થા છે પોતાનું સિલાઇ મશીન ધરાવતા નથી સ્ટીકર માટે કટીંગની તથા ગમીંગની વ્યવસ્થા નથી તેમ જણાવી સ્પર્ધામાંથી બાકાત રાખવામાં આવેલ છે જેના અનુસંધાને હિસાબો ચકાસતાં અગાઉના વર્ષોમાં પણ એટલે કે સને ૨૦૦૫-૦૬ દરમ્યાન જય ટ્રેડસ પાસેથી ૧૭ લાખ મુખ્ય ઉત્તરવહીઓ, ત્રણ લાખ પુરક ઉત્તરવહી તેમજ દસ લાખ ખાખી સ્ટીકરોના ખરીદી કરવામાં આવેલ હતી આમ જો તેઓની પાસે ઉપર જણાવ્યા મુજબની સગવડ નહી હોવાથી કામશીયલ બીડ ખોલવામાં જ આવેલ નથી તે અંગે ના કારણો વ્યાજબી જણાતા નથી જો ઉપરોકત વિગતેની સગવડો ન હોય તો અગાઉના વર્ષમાં કઇ રીતે વર્ક ઓર્ડર આપી ખરીદી કરવામાં આવેલ હતી? તે બાબતે જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

ફાયનાન્સ સમિતિની તા. ૧૮-૩-૦૮ ની સભામાં મુદ્દા નં. ૨ માં જણાવ્યા મુજબ વર્તમાન પત્રમાં મુખ્ય ઉત્તરવહીની જરૂરીયાત ભુલથી ૩૫ લાખ દર્શાવેલ હતી જે ખરેખર ૨૫ લાખની જ જરૂરીયાત હોઇ હાલ ૨૫ લાખ મુખ્ય ઉત્તરવહી નો વર્ક ઓર્ડર આપવાનું ઠરાવેલ હતુ પરંતુ પ્રેસના પત્ર નં. ૧૭૩/૨૦૦૮ તા.૨૬-૩-૦૮ થી ૩૫ લાખ મુખ્ય ઉત્તરવહીઓનો ઓર્ડર આપી વધારાની ૧૦ લાખ ઉત્તરવહીઓ ખરીદવા બાબતે જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે. આમ જરૂરીયાત કરતાં વધુ ઉત્તરવહીઓ ખરીદવાને કારણે રૂ.૪.૯૦ પ્રતિ ઉત્તરવહીના ભાવ પ્રમાણે ૪૯ લાખ રૂપિયાનું બિન જરૂરી રોકાણ કરી ઇજારદારને ફાયદો કરી આપવામાં આવેલ હોય તેમ જણાય છે તો આ બાબતે પણ જવાબદારોથી સ્પષ્ટતા થતા સુધી રકમ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

વધુમાં ઇજારદારને ટેન્ડરની શરતો મુજબ મળેલ માલ બાબતે સાઇઝ, કાગળનું વજન કાગળની કવોલીટી વિગેરે બાબતે માલ સ્વીકરતાં વૈજ્ઞાનિક પરીક્ષણ કરાવેલ હતુ કે કેમ? વૈજ્ઞાનિક પરિક્ષણ કરાવેલ હોય તો તેના રીપોર્ટની નકલ સામેલ નહીં હોવાથી આ બાબતની ખાત્રી થઇ શકેલ નથી.

યુનિવર્સિટીની ફાયનાન્સ સમિતિમાં તા.૧૮-૩-૦૮ ના રોજ લેવાયેલ નિર્ણય અન્વયે ગુજરાત યુનિવર્સિટી ના પ્રેસ નં. ૧૭૩/૨૦૦૮ તા.૨૬-૩-૦૮ ના પત્રથી ઇજારદારને ઓર્ડર આપી નીચે દર્શાવેલ વિગતે ખરીદી કરવામાં આવેલ છે.

(૧) વા. નં. ૨૫૬૩, તા.૧૩-૮-૦૮ રૂ. ૧,૧૩,૦૮,૨૬૪.૦૦
૩૨ પાનાની મુખ્ય ઉત્તરવહી - ૨૨,૦૦,૦૦૦ x ૪.૯૦ કુલ રૂ.૧,૦૭,૮૦,૦૦૦/-
૪"x ૩" ખાખી સ્ટીકર - ૨૪,૦૧,૨૦૦ x ૦.૨૨ = રૂ.૫,૨૮,૨૬૪/-

(૨) વા. નં. ૩૫૫૬, તા.૭-૧૦-૦૮ રૂ.૧૪,૭૦,૦૦૦.૦૦
૩૨ પાનાની મુખ્ય ઉત્તરવહી - ૩,૦૦,૦૦૦ x ૪.૯૦(ભાવ) કુલ રૂ.૧૪,૭૦,૦૦૦/-

(3) વા. નં. ૫૬૭૪, તા.૧૩-૧-૦૯ રૂ. ૪૯,૦૦,૦૦૦.૦૦
૩૨ પાનાની મુખ્ય ઉત્તરવહી - ૧૦,૦૦,૦૦૦ x ૪.૯૦(ભાવ) =રૂ.૪૯,૦૦,૦૦૦/-

સને ૨૦૦૮-૦૯ ના વર્ષ માટે આપેલ ઓર્ડરમાં ૩૨ પાનાની મુખ્ય ઉત્તરવહી ૩૫,૦૦,૦૦૦ તથા ૪"x ૩" ખાખી સ્ટીકર ૩૦,૦૦,૦૦૦ ની ડિલીવરી નીચે જણાવ્યા પ્રમાણે તબક્કાવાર કરવા જણાવેલ છે.

| અ. નં. | સમય મર્યાદા | ૩૨ પાનાની મુખ્ય ઉત્તરવહી | ખાખી સ્ટીકર |
|---|---|---|---|
| ૧ | ૧૦-૪-૦૮ | ૧૦,૦૦,૦૦૦ | ૧૫,૦૦,૦૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૨ | ૨૦-૪-૦૮ | ૧૦,૦૦,૦૦૦ | ૧૫,૦૦,૦૦૦ |
| ૩ | ૨૬-૪-૦૮ | ૫,૦૦,૦૦૦ | ૫,૦૦,૦૦૦ |
| ૪ | ૨૩-૧૦-૦૮ | ૧૦,૦૦,૦૦૦ | ----- |

ઉપરોકત સુચવેલ તારીખ સુધીમાં મુખ્ય ઉત્તરવહી તથા ખાખી સ્ટીકરની કોઇ ડિલીવરી કરવામાં આવેલ નથી. પરંતુ નીચે દર્શાવેલ તારીખે મુખ્ય ઉત્તરવહી તથા ખાખી સ્ટીકરની ડિલીવરી કરેલ છે.

| અ. નં. | સમય મર્યાદા | ૩૨ પાનાની મુખ્ય ઉત્તરવહી | ખાખી સ્ટીકર |
|---|---|---|---|
| ૧ | ૧૦-૪-૦૮ સુધી | શુન્ય | શુન્ય |
| ૨ | ૨૦-૪-૦૮ સુધી | શુન્ય | શુન્ય |
| ૩ | ૨૬-૪-૦૮ | ૧૦,૦૦૦ | ------ |
| ૪ | ૨૮-૪-૦૮ થી ૪-૮-૦૮ | ૨૧,૯૦,૦૦૦ | ૨૪,૦૧,૨૦૦ |
| ૫ | ૬-૮-૦૮ થી ૧૧-૮-૦૮ | ૩,૦૦,૦૦૦ | ૫,૯૮,૮૦૦ |
| ૬ | ૧૪-૧૦-૦૮ થી ૧૫-૧૧-૦૮ | ૧૦,૦૦,૦૦૦ | ------ |

ઉપરોકત વિગત જોતાં ૩૨ પાનાની મુખ્ય ઉત્તરવહી તથા ખાખી સ્ટીકરની ૨૧૯ દિવસ મોડી ડિલીવરી આપેલ છે ઓર્ડરની શરત નં. ૧૦ અને ટેન્ડરની શરત નં. ૧૭ મુજબ તમામ ખાખી સ્ટીકર તથા મુખ્ય ઉત્તરવહીની ડિલીવરી સમય મર્યાદામાં પુરી પાડવામાં નહિ આવે તો સમય મર્યાદા પછીના દરેક દિવસ માટે પ્રતિ દિન રૂ.૫૦૦૦/- ની જોગવાઇ કરવામાં આવેલ હોઇ ઇજારદાર પાસેથી રૂ.૧૦,૯૫,૦૦૦/- દંડ વસુલ કરવાનો રહે. જે વસુલાત કરી ઓડિટને આધારિત ખાત્રી કરાવવા જણાવેલ પરંતુ સંસ્થાએ આધારિત ખાત્રી કરાવેલ નથી.

સને ૨૦૦૭-૦૮ ના વર્ષમા અ. નં. ૧ થી ૩ માં દર્શાવેલ ઓર્ડર તથા ટેન્ડરની શરતોનો ઇજારદારે ભંગ કરેલ હોઇ. ઇજારદાર લીધેલ પગલા અંગેની વિગતો ઓડિટ સમક્ષ રજુ કરવા પ્રા. વાંધા નં. ૩૭, તા. ૨૦-૧૧-૧૦ થી જણાવેલ પરંતુ સંસ્થાએ જવાબ રજુ કરેલ નથી.

<u>વસુલાતપાત્ર રકમ</u>

સને ૨૦૦૮-૦૯ રૂ.૧૦,૯૫,૦૦૦

<u>વાંધા હેઠળ રકમ</u>

સને ૨૦૦૮-૦૯ રૂ.૧,૭૬,૭૮,૨૬૪/

**ફકરા નં. ૧૧(બ)**

ઉત્તરવહીની ખરીદી, ફાળવણી તથા સ્ટોક રજીસ્ટરમાં જણાયેલ અનિયમિતતા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૮-૦૯ ના વર્ષના અન્વેષણ દરમ્યાન ઓડિટ વર્ષમાં ખરીદવામાં આવેલ ૩૨ પેજ મુખ્ય ઉત્તરવહી તથા ૧૨ પાનાની પુરક ઉત્તરવહીના સ્ટોક અને વપરાશના હિસાબની ચકાસણી કરતાં નીચે મુજબની અનિયમિતતાઓ માલુમ પડેલ છે.

(૧) સ્ટોક રજીસ્ટરમાં ખરીદી કરેલ ઉત્તરવહીની જમા નોંધ તથા કોલેજોને પુરી પાડવામાં આવેલ ઉત્તરવહીઓની ઉધાર નોંધ કરવામાં આવે છે પરંતુ નોંધોની સામે કોઇ કર્મચારી કે પ્રેસ મેનેજરની સહીઓ થયેલ નથી. તો આ તમામ નોંધો સક્ષમ અધિકારીશ્રીની સહીથી અધિકૃત કરાવી ઓડિટને આધારિત ખાત્રી કરાવવી ઘટે.

(૨) સ્ટોક રજીસ્ટરમાં વર્ષની શરૂઆતમાં ઉત્તરવહીના ઉઘડતા સ્ટોકની વિગત દર્શાવવામાં આવેલ નથી. તેમજ વર્ષના અંતે બચત રહેલ ઉત્તરવહીના સ્ટોકની વાર્ષિક તારીજ દર્શાવવામાં આવેલ નથી.

(3) ઉત્તરવહી સ્ટોક રજીસ્ટર સહી સિક્કા રજીસ્ટરે ચઢાવેલ નથી.

(૪) યુનિવર્સિટી દ્વારા પરીક્ષા સમયે કોલેજોને ફાળવવામાં આવતી ઉત્તરવહીઓના વપરાશ પછી બાકી વધેલ ઉત્તરવહીઓ કોલેજો દ્વારા યુનિવર્સિટી ને પરત કરવામાં આવતી હોય છે. જે યુનિવર્સિટી એ પોતાના સ્ટોકમાં જમા લેવી જોઇએ જે સ્ટોકમાં જમા લીધેલ નથી.

(૫) ઉત્તરવહીઓના સ્ટોકની નાણાંકીય વર્ષ દરમ્યાન સક્ષમ અધિકારીશ્રીએ આકસ્મિક રીતે ભૌતિક ચકાસણી કરી સ્ટોક બરાબર હોવા અંગેની નોંધ કરવી જોઇએ જે થયેલ નથી.

(૬) યુનિવર્સિટીના પ્રેસ વિભાગના તા.૧૯-૧૨-૦૬ ના પત્રમાં સને ૨૦૦૭-૦૮ ના વર્ષના ઉત્તરવહીના સ્ટોકની વિગત દર્શાવેલ છે. જેના આધારે સામેલ કરેલ ઉત્તરવહીના સ્ટોકના પરિશિષ્ટ – ૪ ની વિગતો જોતાં સને ૨૦૦૭-૦૮ ના વર્ષમાં ૩૨ પેજ મુખ્ય ઉત્તરવહીનો ૩૧,૮૦,૦૦૦.૦૦ છે. જેની સામે વપરાશ ૧૮,૮૦,૦૦૦.૦૦ થવા પામેલ છે. જેથી સને ૨૦૦૭-૦૮ ની બંધ સિલક ૧૩,૦૦,૦૦૦.૦૦ રહેવા પામેલ છે. ૩૨ પેજની મુખ્ય ઉત્તરવહીની વાર્ષિક જરૂરીયાત ૧૮,૮૦,૦૦૦.૦૦ ધ્યાને લેતાં સને ૨૦૦૮-૦૯ માં ૩૨ પેજની મુખ્ય ઉત્તરવહીની ખરીદી વધુમાં વધુ ૧૨,૦૦,૦૦૦.૦૦ કરવામાં આવેલ હોતતો

સ્ટોક ૨૫,૦૦,૦૦૦.૦૦ ઉપલબ્ધ થાત અને વર્ષ દરમ્યાન આ સ્ટોક ચાલી શકે તેમ હતો તેમ છતાં વર્ષ દરમ્યાન ૩૨ પેજની મુખ્ય ઉત્તરવહી ૧૨,૦૦,૦૦૦ ને બદલે ૩૫,૦૦,૦૦૦ ખરીદ કરી વર્ષની જરૂરીયાત કરતાં ૨૩,૦૦,૦૦૦ ઉત્તરવહીઓ વધુ ખરીદવામાં આવેલ છે. આમ, જરૂરીયાત કરતાં ત્રણ ગણી ખરીદી કરી એક ઉત્તરવહીના રૂ.૪.૯૦ લેખે રૂ. ૧,૧૨,૭૦,૦૦૦/- નું બીન જરૂરી જંગી મુડી રોકાણ કરેલ છે અને ઇજારદારને ફાયદો કરાવી આપેલ છે. જો જરૂરીયાત મુજબની ખરીદી આયોજન પુર્વક કરવામાં આવેલ હોત તો સંસ્થાને રૂ. ૧,૧૨,૭૦,૦૦૦/- ની મુડીની બચત રહેવા પામેલ હોત અને વ્યાજ ઉત્પન્ન કરી શકાયેલ હોત પરંતુ આયોજન વગર ખરીદી કરી ખર્ચ કરી સંસ્થાને વ્યાજનું નુકસાન પહોંચાડેલ છે. જે અંગે જવાબદારેથી સ્પષ્ટતા મેળવી ઓડિટને આધારિત ખાત્રી કરાવવામાં ન આવે ત્યાં સુધી આ વધુ કરેલ ખર્ચ રૂ.૧,૧૨,૭૦,૦૦૦.૦૦ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

(૭) જરૂરીયાત કરતાં વધુ ખરીદ કરેલ ૩૨ પેજની મુખ્ય ઉત્તરવહી ૨૩,૦૦,૦૦૦ તથા સ્ટોકમાં રહેલ ખાખી સ્ટીકર પ્રશ્નપત્ર કવરની જાળવણી માટે સંસ્થાએ લીધેલ પગલા તથા જાળવણી પાછળ કરવામાં આવેલ ખર્ચની વિગત ઓડિટ સમક્ષ રજુ કરેલ નથી.

(૮) ખાખી સ્ટીકરનાં આયોજન પુર્વક ખરીદી કરવામાં આવે તો વધેલ સ્ટોકની જાળવણીનો પ્રશ્ન રહે નહિ ઓડિટ વર્ષ દરમ્યાન અગાઉનો વપરાશ ધ્યાને લઇ તેમજ અગાઉનો સ્ટોક ધ્યાને લઇ ખરીદી કરેલ હોત તો ૧૦ લાખની જરૂરીયાત સામે ૩૦ લાખ ખાખી સ્ટીકરની ખરીદી કરી રૂ.૦.૨૨ પૈસા પ્રમાણે ગણતાં ૨૦ લાખ ખાખી સ્ટીકરના રૂ.૪૪,૦૦૦/- નું બિન જરૂરી રોકાણ કરી યુનિવર્સિટીને આર્થિક નુકસાન પહોંચાડવા બદલ જવાબદારોથી સ્પષ્ટતા મેળવી ઓડિટે ખાત્રી કરાવવામાં ન આવે ત્યાં સુધી રકમ રૂ. ૪૪,૦૦૦/- વાંધા હેઠળ રાખવામાં આવે છે.

(૯) સામેલ પરિશિષ્ટ ૪ માં ઉત્તરવહીના સ્ટોકમાં ૪ પાનાની પુરક ઉત્તરવહીનો ઉઘડતો સ્ટોક દર્શાવેલ ન હોવા છતાં સને ૨૦૦૮-૦૯ ના વર્ષમાં ૪ પાનાની પુરક ઉત્તરવહી ૩,૧૩,૯૦૫/- નો વપરાશ દર્શાવેલ છે. આમ, ઉઘડતા સ્ટોકની વિગત શુન્ય હોવા છતાં કઇ રીતે કોલેજોને પુરક ઉત્તરવહી ફાળવી આપેલ છે તેની આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે. તેમજ વિગતો રજુ કરવી ઘટે.

પ્રા. વાં. નં. ૩૮ તા ૧૨-૧૧-૧૧ નો સંસ્થાએ કરેલ જવાબ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

વાંધા હેઠળ રૂ.૧,૧૩,૧૪,૦૦૦/-

# પરિશિષ્ટ – ૪

## ઉત્તરવહીના સ્ટોકની વિગત દર્શાવતું પત્રક

| ૨૦૦૮-૦૯ | તા.૨૯-૧૨-૦૭ ના રોજનો હાજર સ્ટોક | ૨૦૦૮-૦૯ ના વર્ષમાં ખરીદી | કુલ | તા.30-૧૨-૦૮ સુધીનો વપરાશ | તા.૩૧-૧૨-૦૮ ના રોજનો હાજર સ્ટોક |
|---|---|---|---|---|---|
| ૩૨ પેજ મુખ્ય ઉત્તરવહી | ૧3,00,000 | ૩૫,00,000 | ૪૮,00,000 | ૨૧,30,૫૧3 | ૨૬,૬૯,૪૮૭ |
| ૧૨ પેજ પુરક ઉત્તરવહી | ૨૫,00,000 | ----- | ૨૫,00,000 | ૬,૯૪,૦૧૭ | ૧૮,૦૫,૯૮૩ |
| ખાખી સ્ટીકર | ૨૭,૫0,000 | 30,00,000 | ૫૭,૫0,000 | ૩૧,૭૭,૭૯૪ | ૨૫,૭૨,૨૦૬ |
| પ્રશ્નપત્ર કવર | ૩૫,000 | ----- | ૩૫,000 | વિગત ઉપલબ્ધ નથી. | વિગત ઉપલબ્ધ નથી. |
| ૪ પેજ પુરક ઉત્તરવહી | ----- | ----- | ----- | 3,૧3,૯૦૫ | ----- |

**ફકરા નં. ૧૨**

ઉત્તરવહીના પલ્પીંગની કામગીરીમાં જણાયેલી અનિયમિતતા બાબત

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૮-૦૯ ના અન્વેષણ દરમ્યાન યુનિવર્સિટી દ્વારા જુદી – જુદી વિદ્યા શાખાઓની લેવામાં આવતી પરીક્ષાઓની ઉત્તરવહીઓ એક વર્ષ સુધી સાચવી રાખવાની હોય છે ત્યારબાદ તેનો પલ્પીંગ કરી નિકાલ કરવાનો હોય છે. સને ૨૦૦૭-૦૮ ના વર્ષ દરમ્યાન લેવાયેલ પરીક્ષાઓની ઉત્તરવહીઓનું વજન હોવુ જોઇએ તે કરતાં ઘણું ઓછુ હોવાનું માલુમ પડેલ હતુ જે બાબતે નીચે પ્રમાણે ઓડિટ નોંધ આપવામાં આવે છે. સને ૨૦૦૭-૦૮ ના વર્ષ દરમ્યાન વપરાયેલ ઉત્તરવહીઓની વિગતો નીચે પ્રમાણે હતી.

| ક્રમ નં. | ઉત્તરવહીના પાનાની સંખ્યા | વપરાયેલ ઉત્તરવહી | એક ઉત્તરવહીનું વજન | કુલ વપરાયેલ ઉત્તરવહીનું વજન |
|---|---|---|---|---|
| ૧ | ૩૨ પેજ | ૧૬,૪૧,૫૨૪ | ૬૦ ગ્રામ | ૯૮,૪૯૧ કિ. ગ્રામ |
| ૨ | ૧૬ પેજ | ૪,૨૫૦ | ૩૦.૨૪ ગ્રામ | ૧૨૮ કિ. ગ્રામ |
| ૩ | ૧૨ પેજ | ૬,૧૧,૭૫૭ | ૨૨.૬૮ ગ્રામ | ૧૩૮૭૪ કિ. ગ્રામ |
| ૪ | ૪ પેજ | ૩,૧૩,૩૭૨ | ૭.૫૬ ગ્રામ | ૨૩૬૯ કિ. ગ્રામ |
| | | | કુલ | ૧,૧૪,૮૬૨ |

ગુજરાત યુનિવર્સિટી દ્વારા જાહેરાત આપીને એક ઉત્તરવહી ૬૦ ગ્રામ વજનની ૮.૫" x ૧૧" ની ખરીદવામાં આવેલ હતી તે આધારે ઉપરોકત વિગતેનું વજન થવુ જોઇએ સંસ્થા દ્વારા જેતે વર્ષ દરમ્યાન વપરાશમાં લીધેલ ઉત્તરવહીઓની વિગતો જોતાં સને ૨૦૦૮-૦૯ ના વર્ષ માટે પલ્પીંગ માટે મોકલાવેલ ઉત્તરવહીનું વજન ૪૦.૬૦૫ કિ. ગ્રામ થવા પામેલ હતુ આમ સને ૨૦૦૮-૦૯ દરમ્યાન ૭૪૨૫૭ કિ. ગ્રા. વજનની ઘટ પડેલ જોવા મળેલ હતી.

આમ. ઉત્તરવહીઓનું હોવું જોઇએ તે કરતા ઓછુ વજન થવા બાબતે જવાબદારોથી આધારસહ સ્પષ્ટતા થવી ઘટે.

પલ્પીંગ માટેની સદર કામગીરી મહાલક્ષ્મી વેસ્ટ પેપર સપ્લાયર અસારવા અમદાવાદે ૩.૫૦ પ્રતિ કિલો ગ્રામે ખરીદીને બેલ મીલ કાશીપુર ઉત્તરાંચલ પ્રદેશ ખાતે કરાવેલ છે ઉપરોકત વિગતો જોતાં વજનમાં પડેલ ઘટ સને ૨૦૦૮-૦૯ માં પડેલ ઘટ ૭૪૨૫૭ કિ. ગ્રા ૫૦ રૂ.૩.૭૨.૫૭૦/- નું નુકસાન થવા પામેલ છે. જે બાબતે જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

પ્રા. વાં. નં. ૧૦૭ ના જવાબમાં **સંસ્થા દ્વારા** તેઓના તા.૨૦-૮-૧૨ દ્વારા સદર ૮૨ ટન તેમજ ૭૪ ટન વજનની જે ઘટ પડેલ છે તે ઉત્તરવહીની હલકી ગુણવત્તાને કારણે **નથી.** તો પછી આ ઘટ પડવાનું કયુ કારણ હતુ તે બાબતે જવાબદારોથી આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે. આ બાબતે પ્રા. વાં. નં. ૧૦૯ તા.૨૧-૮-૧૨ **થી સંસ્થા** પાસે જવાબ માંગતા માહિતિ આપવામાં આવેલ નથી.

**ફકરા નં. ૧૩** **પ્રેસ વિભાગ**

કાગળ સ્ટોક રજીસ્ટરમાં જણાયેલ અનિયમિતતા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૮-૦૯ ના વર્ષના અન્વેષણ દરમ્યાન પ્રેસ વિભાગે રજુ કરેલ કાગળોના સ્ટોક રજીસ્ટરની ચકાસણી કરતાં નીચે મુજબની અનિયમિતતાઓ ઓડિટના ધ્યાને આવેલ છે.

(૧) સ્ટોક રજીસ્ટરમાં વર્ષની શરૂઆતમાં કાગળના ઉઘડતા સ્ટોકની વિગત દર્શાવવામાં આવેલ નથી. તેમજ વર્ષના અંતે બચત રહેલ કાગળના સ્ટોકની વાર્ષિક તારીજ દર્શાવવામાં આવેલ નથી.

(૨) વર્ષ દરમ્યાન ખરીદ કરવામાં આવેલ કાગળોનો સ્ટોક રજીસ્ટરમાં જમા લેવામાં આવેલ છે. પરંતુ નોંધણી સામે કર્મચારી કે પ્રેસ મેનેજરની સહીઓ થયેલ નથી.

(૩) વર્ષ દરમ્યાન કાગળોનો થયેલ વપરાશ કે અન્ય શાખાને ફાળવેલ કાગળોના સ્ટોકની ઉધાર નોંધ કરવામાં આવેલ નથી.

(૪) કાગળના સ્ટોકની નાણાંકીય વર્ષ દરમ્યાન સક્ષમ અધિકારીશ્રીએ આકસ્મિક રીતે ભૌતિક ચકાસણી કરી સ્ટોક બરાબર હોવા અંગેની નોંધ કરવી જોઇએ જે થયેલ નથી.

(૫) સ્ટોક રજીસ્ટર સહિ સિક્કા રજીસ્ટરે ચઢાવેલ નથી.

ઉપરોકત તમામ ઓડિટ નોંધની પુર્તતા કરી રજીસ્ટર અદ્યતન તૈયાર કરી નોંધો સક્ષમ અધિકારીશ્રીની સહીથી પ્રમાણિત કરાવી ઓડિટને આધારિત ખાત્રી કરાવવી ઘટે.

પ્રા. વાં. નં. ૪૭, તા. ૧૯-૧૨-૧૧ નો સંસ્થાએ આપેલ જવાબ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

**ફકરા નં. ૧૪**

કોમ્પ્યુટર – ઇકવીપમેન્ટ ખરીદીમાં **અનિયમિતતા** બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના ૨૦૦૮-૦૯ ના વર્ષના અન્વેષણ દરમ્યાન રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર દ્વારા નીચેની વિગતે ખર્ચ કરી કોમ્પ્યુટર, સર્વર, યુ. એસ. બી. હાર્ડવેર વિગેરેની ખરીદી કરી નીચે મુજબનો ખર્ચ કરવામાં આવેલ હતો.

| અ.નં. | વા. નં. | તારીખ | રકમ | પાર્ટીનું નામ |
|---|---|---|---|---|
| ૧ | ૫૨૨૨ | ૩૦-૧૨-૦૮ | ૪૫,૦૦,૦૦૦ | ડેલ ઇન્ડિયા પ્રા. લિ. |
| ૨ | ૬૫૯૧ | ૨૦-૨-૦૯ | ૪૦,૯૦,૦૦૦ | !! |
| કુલ | | | ૮૫,૯૦,૦૦૦ | |

ઉપરોકત બાબતે નીચે મુજબની ઓડિટ નોંધ આપવામાં આવે છે.

(૧) યુ. જી. સી. ના ૧૧ માં પ્લાનમાં ઇકવીપમેન્ટના સદરે કોમ્પ્યુટર અને ફર્નિચરની ખરીદી કરી શકાય નહિ. તેવી સ્પષ્ટ નોંધ છે. ફકત ટીચીંગ મટીરીયલ અને મલ્ટી મીડીયા પ્રોજેકટ એ પ્રકારના ઇક્વિપમેન્ટ ખરીદી શકાય. આમ, છતાં રજુ કરેલ ટેન્ડર અને રેકર્ડની ચકાસણી કરતાં ઓફિસ યુઝ માટેના બિન શૈક્ષણિક હેતુ માટે કોમ્પ્યુટર, હાર્ડવેર, સોફટવેર ખરીદેલ જણાય છે. જે નિયમ વિરૂધ્ધ છે.

(૨) આવેલ ભાવની સરખામણી સરકારશ્રીના સાયન્સ અને ટેકનોલોજી વિભાગના જી. આઇ. એલ. ના રેટ કોન્ટ્રાકટના ભાવો સાથે સરખામણી કરીને મંજુર કરેલ ભાવના વાજબી પણાની ખાત્રી પણ કરવામાં આવેલ નથી. આમ, મંજુર કરેલા ભાવો પ્રવર્તમાન બજારભાવો મુજબ વાજબી હોવાની ખાત્રી કર્યા વગર ઉંચા ભાવ મંજુર કરેલ છે અને યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનની ગ્રાન્ટ ફાળવણીની શરત વિરૂધ્ધ કોમ્પ્યુટર, સર્વર, હાર્ડવેર ખરીદવા માટે યુનિવર્સિટી દ્વારા તા.૩-૧૦-૦૮ થી ડેલ ઇન્ડિયા પ્રા. લિ. ને ઓર્ડર આપી ખરીદી કરવામાં આવેલ હતી. જે પૈકી કોમ્પ્યુટર સર્વર ૧૪ નંગ રૂ.૧૮,૯૦,૦૦૦/- તથા ડેસ્કટોપ નંગ ૨૦૦ રૂ.૫૯,૩૦,૦૦૦/- કુલ મળી રૂ.૭૮,૨૦,૦૦૦/- ની ખરીદી યુ. જી. સી. ની ગાઇડલાઇન પ્રમાણે શરતમાં ન હોવા છતાં ખરીદી કરેલ છે. જે બાબતે યુ. જી. સી. નાં મજુરી મેળવી ઓડિટે ખાત્રી કરાવતાં સુધી કરેલ ખર્ચ રૂ.૭૮,૨૦,૦૦૦/- વાંધા હેઠળ રાખવામાં આવે છે.

(3) લેપટોપ નંગ – ૧ રૂ.૪૯,૦૦૦/- તથા પ્રોજેકટર નં. ૧૯ રૂ.૭,૨૦,૧૦૦/- મળી કુલ રૂ.૭,૭૦,૦૦૦/- ની ખરીદી માટે મંગાવેલ ટેન્ડરોના તુલનાત્મક પત્રકની ચકાસણી કરતાં નીચે મુજબની અનિયમિતતાઓ ધ્યાને આવેલ છે.

(એ) આઇટમ નં. એ-૪ લેપટોપ માટે ૭ નંબરની પાર્ટી એચ. સી. એલ. ઇન્ફોસિસ્ટમ લિ. ના ભાવ સૌથી ઓછા હોવા છતાં ૧૪ નંબરની પાર્ટી જીન્ટેક કોમ્પ્યુટર કેર (ડેલ) ના ભાવ ઉંચા હોવા છતાં તેઓના ભાવ મંજુર રાખી ખરીદી કરવામાં આવેલ છે.

(બી) આઇટમ નં. બી – ૧ પ્રોજેકટર માટે ૧૩ નંબરની પાર્ટી સાઇ ઇન્ફોસિસ્ટમના ભાવ નીચા હોવા છતાં ૧૪ નંબરની પાર્ટી જીન્ટેક કોમ્પ્યુટર કેર (ડેલ) ના ભાવ મંજુર રાખેલ છે.

(સી) ટેન્ડરની શરતમાં ત્રણ વર્ષની વોરંટી આપવાનું જણાવેલ હતું અને મેઇન્ટેનન્સની શરત રાખેલ હતી. જેથી એલ – ૧ પાર્ટી સાથે વધારાના બે વર્ષના વોરંટી પીરીયડ માટે વાટાઘાટો નહી કરતાં ઉંચા ભાવવાળી પાર્ટીની પાંચ વર્ષની વોરંટી પીરીયડની શરત સ્વીકારેલ છે જે બાબતે સ્પષ્ટતા થવી ઘટે.

(૪) ટેન્ડર પ્રક્રિયામાં ટુ બીડ ટેન્ડર પદ્ધતિં અપનાવેલ નથી જેથી સ્પેશીફીકેશન મુજબ ઉંચા ભાવ અયોગ્ય રીતે મજુર થયેલ છે નિયત ટેન્ડર ભરેલા એલ – ૧ ના ભાવ મંજુર કરેલ નથી. જે બદલ જવાબદારેથી જરૂરી સ્પષ્ટતા થવી ઘટે.

વાંધા હેઠળ રૂ.૮૫,૯૦.,૦૦૦/-

## ફકરા નં. ૧૫

ટેક્ષી ભાડાના આપવામાં આવેલ કોન્ટ્રાકટમાં જણાયેલ અનિયમિતતા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૮-૦૯ ના વર્ષના અન્વેષણ દરમ્યાન સંસ્થાએ રજુ કરેલ લેઝરની ચકાસણી કરતાં ટેક્ષી ભાડાનો નીચે મુજબનો ખર્ચ ઉધારવામાં આવેલ છે.

| કોડ નં. | ૨૦૦૮-૦૯<br>પાર્ટી – ગંગા ટ્રાવેલ્સ |
|---|---|
| એકઝામ ઓબ્ઝર્વર ટેક્ષી ચાર્જીસ કોડ નં. ૩૫૧૩૦૦૧ | ૧૧,૪૧,૧૨૨.૦૦ |
| પરીક્ષાના હેતુ માટે ટેક્ષી ચાર્જીસ કોડ નં. ૩૫૨૪૦૦૨ | ૧૦,૭૩,૧૦૫.૦૦ |
| **કુલ** | **૨૨,૧૪,૨૨૭.૦૦** |

ટેન્ડર ફાઇલ સાથે સામેલ કરેલ યુ. પી. પુરોહિતના તા.૩-૧-૦૮ ના પત્રથી તા.૩૧-૩-૦૮ પછીની પરીક્ષા કે બીજા અન્ય કામકાજ માટે ટેક્ષીઓ પુરી પાડવા માટેની અનિચ્છા દર્શાવેલ છે સને ૨૦૦૮-૦૯ ના વર્ષ માટે પરીક્ષાના તેમજ અન્ય કામકાજ માટે વાહનો પુરા પાડવા અંગેની વર્તમાનપત્રમાં તા.૪-૭-૦૮ ના રોજ જાહેરાત આપવામાં આવેલ હતી. જેના અનુસંધાને ૬ કોરા ટેન્ડર ફોર્મ ઇસ્યુ કરવામાં આવેલ હતા. જેમાંથી ૨ ટેન્ડર ફોર્મ ભરાઇને પરત આવેલ હતા. જે ટેન્ડર તા.૧૭-૭-૨૦૦૮ ના રોજ ખોલવામાં આવેલ હતા. જેમાં ઓછા ભાવ ભરેલ ગંગા ટ્રાવેલ્સ. સાથે કોન્ટ્રાકટનો લેખિત કરાર તા.૧૯-૩-૨૦૦૯ ના રોજ કરી તા.૧૫-૫-૨૦૦૮ થી તા.૧૪-૫-૨૦૦૯ ના સમયગાળા માટે કોન્ટ્રાકટ આપવામાં આવેલ છે. આમ, પાછલી તારીખની અસરથી કોન્ટ્રાકટ આપવામાં આવેલ છે જેથી ટેન્ડર પ્રક્રિયા દુષિત થયેલી જણાય છે. આમ. ટેન્ડર પ્રક્રિયાની કામગીરીમાં વિલંબ કરવા બાબતે અને જુના ઇજારદારે કરારની મુદત વધારો નહી કરવા તથા પાછળની તારીખથી કોન્ટ્રાકટ આપવાની બાબતે જવાબદારેથી સ્પષ્ટતા થવી ઘટે.

ડ્રાફટ ટેન્ડરમાં નાણાંકિય સલાહકાર અને કાયદા સહાલકારના પરામર્શમાં નાણાંકિય ઔચિત્યના સિધ્ધાંતો મુજબ સંસ્થાના આર્થિક હિતમાં શરતોનો સમાવેશ કરવો જોઇએ. સંસ્થાના નાણાંકિય હિત વિરૂધ્ધ એડવાન્સ આપવાની જોગવાઇ કરેલ હતી તેમ છતાં સને ૨૦૦૮-૦૯ ના વર્ષ માટે યુ. પી. પુરોહિતે રૂ.૫,૩૬,૧૦૦/- તેમજ ગંગા ટ્રાવેલ્સને રૂ.૧૫,૫૧.૫૮૮/- નું એડવાન્સ

પેમેન્ટ કરવામાં આવેલ છે **જે નિયમોચિત** જણાતુ નથી. કયા આધારે **ચુકવાયેલ છે** તે સ્પષ્ટ કરવું તેમજ પ્લાન મુજબના **રૂટની** યાદી વર્ક ઓર્ડર / કરાર **સાથે** સામેલ નહી કરવાથી કરકસર યુકત વાહન વપરાયા**ની ખાત્રી** થઇ શકેલ નથી.

**પ્રા. વાં. નં. ૮૧, તા.૨૧-૪-૧૨ નો સંસ્થાએ પુર્તતા જવાબ આપેલ નથી.**

**ફકરા નં. ૧૬**

યુનિવર્સિટી જર્નલ છાપકામ ખર્ચ બાબત

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૮-૦૯ ના વર્ષના અન્વેષણ દરમ્યાન વાઉચરોની તથા હિસાબી દફતરની ચકાસણી કરતાં હિસાબી સદર ૪૪૦૧૦૦૦ હેઠળ યુનિવર્સિટી જર્નલ છાપકામ પેટે રૂ.૬,૭૩,૪૦૦/- નો ખર્ચ કરેલ હતો.

| વા. નં. / તારીખ | પાર્ટીનું નામ | રકમ |
|---|---|---|
| ૧૦૨૩ / ૨૭-૫-૦૮ | રીલાયેબલ આર્ટ પ્રિન્ટરી | ૨૦૨૯૦ |
| ૩૯૭૬ / ૨૩-૧૦-૦૮ | !! | ૩,૦૯,૧૧૨ |
| ૪૩૮૬ / ૧૮-૧૧-૦૮ | !! | ૩,૪૩,૯૯૮ |
| --- | --- | --- |
| કુલ | | ૬,૭૩,૪૦૦ |

સદરહું બાબતે ઓડિટ નોંધ આપતાં જણાવવાનું કે આ ખર્ચ કયા હેતુ માટે કરવામાં આવેલ છે તેમજ સદર કામ અંગેનો અગાઉનો સ્ટોક વપરાશ તથા બચત રહેલ સ્ટોક અંગેનું હિસાબી રેકર્ડ પ્રા. વાંધા નં. ૬૬, તા.૧૫-૩-૨૦૧૨ થી માંગવા છતાં ઓડિટ સમક્ષ રજૂ થયેલ નથી. જેથી ખર્ચ નિયમોનુસાર હોવાની નિયમોનુસારની ચકાસણી થઇ શકેલ નથી. જેથી ખર્ચની રકમ વાંધા હેઠળ રાખવામાં આવે છે તેમજ જરૂરી રેકર્ડ રજુ નહી કરવા બદલ જવાબદાર સામે કાર્યવાહી કરી ઓડિટને આધારિત ખાત્રી કરાવવી ઘટે.

<u>વાંધા હેઠળ રકમ</u>

૨૦૦૮-૦૯ – રૂ.૬,૭૩,૪૦૦/-

## ફકરા નં. ૧૭

**કન્વેન્શન સેન્ટર કમ એકઝીબીશન હોલના બાંધકામમાં જણાયેલી અનિયમિતતાઓ બાબત.**

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૮-૦૯ ના વર્ષના અન્વેષણ દરમ્યાન એસ્ટેટ વિભાગના દફતરની ચકાસણી કરતાં યુનિવર્સિટીની પોતાની માલિકીના ફાઇનલ પ્લોટ નંબર – ૨૨ ટી. પી. ૩૧ ઉપર કન્વેન્શન સેન્ટર ઉભુ કરવા માટેનું આયોજન સને ૨૦૦૪-૦૫ ના વર્ષમાં કરવામાં આવેલ હતું. સદર કન્વેન્શન સેન્ટર કમ એકઝીબીશન હોલ તૈયાર કરવા માટે તા.૯-૩-૨૦૦૪ ના રોજ કુલપતિશ્રીએ નિયુકત કરેલ બિલ્ડીંગ ફાઇનાન્સ કમિટિની મળેલ મીટીંગમાં યુનિવર્સિટીના વિવિધ સેલ્ફ ફાઇનાન્સ યુનિટને અન્ય ફંડ તથા વિકાસ અને ડેવલપમેન્ટ માટે વણવપરાયેલ ભંડોળમાંથી યુનિવર્સિટી માટે કાયમી આવક ઉભી થાય તે માટે અને વિદ્યાર્થી તેમજ સમાજને વિશિષ્ટ ફાયદો થાય તેવી કાયમી વ્યવસ્થા માટે કન્વેન્શન સેન્ટર કમ એકઝીબીશન હોલ માટેનું ૨૫૦૦ થી ૩૦૦૦ ની સંખ્યાની ક્ષમતા ધરાવતું ઓડિટોરીયલ, ૩૦૦ બેઠક ધરાવતાં ત્રણ સેમિનાર એકેડેમીક હોલ, એકઝીબીશન સેન્ટર અને પાર્કિંગની વ્યવસ્થા ઉભી કરવા માટેનું આયોજન કરવામાં આવેલું હતું. જે બાબતે નીચે મુજબની વિગતે ઓડિટ નોંધ આપવામાં આવે છે.

(૧) કન્વેન્શન સેન્ટર કમ એકઝીબીશન હોલ જે જમીન ઉપર ઉભો કરવાનું નક્કી કરેલ હતું તે જમીન કોના દ્વારા અને કયા હેતું માટે યુનિવર્સિટીને દાન પેટે મળેલ હતી તેની વિગતો માંગવા છતાં સંસ્થાએ ઓડિટને રજુ કરેલ નથી. જેથી સદર જમીન દાતા દ્વારા જે હેતુ માટે આપવામાં આવેલ હતી તે હેતુ જળવાયેલ છે કે કેમ? તે જાણી શકાયેલ નથી.

(૨) કન્વેન્શન સેન્ટરના બાંધકામની શરૂઆત વખતે રૂ.૨૫.૭૦ કરોડનો અંદાજ રાખવામાં આવેલ હતો પરંતુ આ બાબતે અંદાજપત્રમાં કોઇ જોગવાઇ કરવામાં આવેલ ન હોવાના કારણે આ પ્રોજેકટ માટે નાણાકિય ભંડોળ કયાંથી ઉપલબ્ધ કરવામાં આવેલ હતું તે બાબતે સંસ્થા દ્વારા કોઇ સ્પષ્ટતા કરવામાં આવેલ નથી.

(૩) કન્વેન્શન સેન્ટર કમ એકઝીબીશન હોલના બાંધકામ માટે તૈયાર કરેલ પ્લાન એસ્ટીમેટની વિગતો માંગવા છતાં ઓડિટ સમક્ષ રજુ થયેલ નથી.

(૪) એકઝીકયુટીવ કાઉન્સીલની તા.૨૯-૧-૨૦૦૬ ના રોજની સામાન્ય સભામાં બાબત ક્રમાંક - ૪ ના ઠરાવથી હાઇપાવર કમિટિની નિમણુંક કરવામાં આવેલ હતી. આ હાઇપાવર કમિટિની નિમણુંક થયા પહેલા સંસ્થા દ્વારા તા.૨૪-૯-૨૦૦૫ ના રોજ ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ

કરી પ્રોજેકટની કામગીરી શરૂ કરવામાં આવેલ હતી. જે નિયમોનુસાર ન હોઇ જવાબદારેથી સ્પષ્ટતા થવી ઘટે.

(૫) સદરહું પ્રોજેકટ માટે જરૂરી એવુ બાંધકામ શરૂ કરવાનું પ્રમાણપત્ર અમદાવાદ મ્યુ. કોર્પોરેશન દ્વારા તા.૧૨-૧૦-૦૯ ના રોજ આપવામાં આવેલ હતું. જયારે ખરેખર બાંધકામ તા.૨૪-૯-૨૦૦૫ ના રોજ કોર્પોરેશનની મંજુરી મેળવ્યા અગાઉ બાંધકામ શરૂ કરવા બાબતે જવાબદારેથી સ્પષ્ટતા થવી ઘટે.

(૬) આ પ્રોજેકટની કામગીરી માટે આર્કીટેક તરીકે શ્રી કમલ મંગલદાસ, સ્ટ્રકચરલ એન્જીનીયર તરીકે શ્રી દેવેન્દ્ર શાહ અને પ્રોજેકટ મેનેજર તરીકે શ્રી એલ. જે. પુરાણીની નિમણુંક કરવામાં આવેલ હતી. આ કામગીરી સબબ તેઓને અનુક્રમે પ્રોજેકટની કામગીરીના ૩ ટકા અને ૧.૫ ટકા તથા ૧.૫ ટકા લેખે ચુકવણું કરવાનું ઠરાવી ચુકવણું કરેલ છે. ઉકત કન્સલ્ટન્ટ / એન્જીનીયરની નિમણુંક કોણે કઇ સત્તાના આધારે તેમજ પારદર્શક ટેન્ડર પ્રક્રિયા કયા ધોરણોના આધારે કરવામાં આવેલ હતી તે બાબતે ઓડિટે આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે. તેમજ તેઓને ચુકવેલ ફી ના ધોરણો કયા આધારે નક્કી કરવામાં આવેલ હતા તે બાબતે પણ સ્પષ્ટતા થવી ઘટે.

(૭) હાઇપાવર કમિટિના તા.૨૩-૭-૨૦૦૪ ના ઠરાવ નં. – ૨ મુજબ આર્કિટેક કમલ મંગલદાસ દ્વાર મ્યુ. કોર્પોરેશન તેમજ અન્ય સક્ષમ ઓથોરીટીની બાંધકામ શરૂ કરવા માટેની પરમીશન મેળવવી જરૂરી હતી. જે રેકર્ડ ચકાસતાં તેઓએ કરારની શરત મુજબ પરમીશન મેળવેલ નથી. તેમ છતાં તેઓને કન્સલ્ટીંગ ફી નું ચુકવણું કરવામાં આવેલ છે. જે અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(૮) સદરહું પ્રોજેકટના પ્રિએન્જીનીયરીંગના કામો માટે કુલ ૩૫ ટેન્ડર ફોર્મનું વેચાણ થયેલ હતું જે પૈકી ૩૧ ટેન્ડર ભરાઇને આવેલ હતો જેમાંથી ૨૮ ટેન્ડર કવોલીફાઇડ કરેલ અને બાકીના ૩ ટેન્ડર ડિસકવોલીફાઇડ કરવામાં આવેલ હતાં આવેલ ૨૮ કવોલીફાઇડ ટેન્ડરમાંથી ૯ વેપારીઓને પ્રિકવોલીફાઇડ કરવા માટેની ભલામણ કરવામાં આવેલ હતી. બાકીના ૧૭ ટેન્ડરો માટે ભલામણ નહિ કરવા બાબતે તાંત્રિક મુલ્યાંકન કર્યાની કોઇ સ્પષ્ટતા કરવામાં આવેલ ન હતી. જે બાબતે સ્પષ્ટતા થવી ઘટે.

વધુમાં પ્રિ એન્જીનીયરીંગના કામ બાબતે કન્સલ્ટન્ટ એન્જીનીયર્સ આયોજન ના તા.૧૧-૪-૦૫ પત્રથી ૯ કોન્ટ્રાકટરની ભલામણ કરવામાં આવેલ હતી છતાં પણ હાઇપાવર કમિટિની તા.૪-૮-૨૦૦૫ ની મીટીંગના મુદ્દા નં. ૨ માં જે. પી. બિલ્ડર્સના નામનો સમાવેશ કરી કુલ – ૧૦ કોન્ટ્રાકટ પાસેથી ભાવ મંગાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ હતી " આયોજન" દ્વારા જે. સી. બિલ્ડર્સ ની ભલામણ નહિ કરવાના કારણમાં જણાવેલ છે કે " We observed that the quality of the work was not up to the standard

we desire and hence we do not recommended them in our short list." તેમ છતાં એકજ માસના ટુંકા ગાળામાં કયા સંજોગોમાં શ્રી જે. સી. બિલ્ડર્સનું ટેન્ડર ફરીથી રીકન્સીડર કરવામાં આવ્યુ તેની આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે.

(૯) સદરહું પ્રોજેકટ માટે કરવામાં આવેલ (૧) પ્રિએન્જીનીયરીંગ વર્ક (૨) ઇલેકટ્રીફીકેશનનું કામ (3) એરકન્ડિશનનું કામ (૪) એકસ્ટર્નલ વર્કનું કામ (૫) એકસ્ટર્નલ ફેન્સિંગ ઓફ ધ બિલ્ડીંગ (૬) ઇન્ટિરીયર ડીઝાઇન (૭) લેન્ડ સ્કેપીંગનું કામ માટેના ટેન્ડર રજીસ્ટર, સ્ટેમ્પ ડયુટી, સિકયુરીટી ડિપોઝીટ, પરફોર્મન્સ બોન્ડ, ઇએમડી વસુલ કરેલ હોય તેની વિગતો ઓડિટ સમક્ષ રજુ કરેલ નથી.

ઉપરોકત અનું. નં. ૧ થી ૭ ના તમામ કામોના આવેલ ટેન્ડર ઉપરથી તૈયાર કરેલ તુલનાત્મક પત્રક, આપેલ વર્ક ઓર્ડર, કામ શરૂ કર્યા તેમજ પુર્ણ કર્યાનું પ્રમાણપત્ર કામની મુદ્દત તેમજ કામની મુદ્દત વધારવાના કારણો તેમજ આનુસંગિક રેકર્ડ ઓડિટે રજુ થયેલ નથી. જેથી આ મુદ્દાઓની ચકાસણી / ખાત્રી થઇ શકેલ નથી.

(૧૦) કન્વેન્શન સેન્ટર. એકઝીબીશન હોલ તેમજ કોન્ફરન્સ હોલના સ્ટીલ સ્ટ્રકચર તૈયાર કરવા માટે ટેન્ડર પ્રક્રિયા દ્વારા મે. વર્ધમાન પ્રીસીઝન પ્રોફાઇલ એન્ડ ટયુબ્ઝ પ્રા. લિ. ને રૂ.૨,૮૦,૦૮,૭૫૧.૦૦ ની કામગીરી સોંપવામાં આવેલ હતી. સદર કામગીરી તા.૫-૪-૦૬ ના રોજ શરૂ કરી તા.૨૬-૯-૦૬ સુધીમાં પુર્ણ કરવાપાત્ર હતી પરંતુ મે.વર્ધમાન પ્રા. લિ. સદરહું કામ અધવચ્ચેથી છોડી દીધેલ છે અને સદર કામ પુર્ણ થવાની તારીખે પુર્ણ થયેલ નથી. આ કામ અંગે વર્ધમાન પ્રા. લિ. ને રૂ.૧,૫૩,૯૩,૭૭૩.૦૦ નું ચુકવણું કરવામાં આવેલ છે અને અધુરૂ રહેલ કામ  નવેસરથી ટેન્ડર પ્રક્રિયા કરી મે. ઉદય બિલ્ડકોમને સોંપવામાં આવેલ હતું જે પેટે તેઓને રૂ.૮,૧૯,૪૦,૬૭૦.૦૦ નું ચુકવણું કરવામાં આવેલ હતું. ટેન્ડરની કોઇ પણ જાતની વિગતો સંસ્થા દ્વારા રજૂ કરવામાં આવેલ નથી. તેથી ઉદય બિલ્ડકોમને કરવામાં આવેલ રૂ.૮,૧૯,૪૦,૬૭૦.૦૦ ના ચુકવણાના વાજબી પણાની ખાતરી થઇ શકેલ નથી. સદર કામ ફરીથી ટેન્ડર પ્રક્રિયા કર્યા વિના એલ   ર આપનાર પાર્ટી (જે. સી. બિલ્ડર્સ) સાથે નેગોશીએશન કરીને સોંપવામાં આવેલ હોત તો બીજી ટેન્ડર પ્રક્રિયા કરવાનો પ્રશ્ન તેમજ સદર કામ અંગે કરવુ પડેલ વધારાનુ ખર્ચ અટકાવી શકાયેલ હોત.

જે દિવસે મે. વર્ધમાન પ્રા. લિમિટેડ કામ અધુરૂ મુકેલ છે તે દિવસ સુધીમાં કરેલ કામ અને તેની સામે એગ્રીમેન્ટની શરત મુજબ ચુકવવાપાત્ર થતી રકમ અને ખરેખર ચુકવેલ રકમ ટેન્ડરમાં મજુર કરેલ કિંમતની દૃષ્ટિએ અધુરા રહેલ કામનું નાણાંકિય મુલ્ય વિગેરેની વિગતો સંસ્થાએ રજુ કરેલ નથી. જે બાબતે વ્યાજબી પણાની ઓડિટને ખાત્રી થઇ શકી નથી જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

મે. વર્ધમાન પ્રા. લિ. નિયત સમય મર્યાદામાં કામગીરી પુર્ણ કરેલ ન હોવા છતાં તેમજ ટેન્ડરમાં આ બાબતે જોગવાઇ ન હોવા છતાં મુદ્દત વધારાનો લાભ આપી મુદ્દત વધાર્યા અંગેનું વધુ રૂ.૧,૦૭,૯૮,૩૮૪.૦૦ નું ચુકવણું કરવામાં આવેલ છે. આમ કરેલ ચુકવણું રૂ.૧,૦૭,૯૮,૩૮૪.૦૦ ના વાજબીપણાની ખાત્રી થઇ શકેલ નથી.

વધુમાં પ્રિએન્જીનીયરીંગ વર્કના ટેન્ડરની ચકાસણી કરતાં ટેન્ડરના પાના નં. બી – ૧૧ થી ૨૦ સુધીના પાના સામેલ ન હોવાને કારણે તેમાં કઇ શરતો અને વિગતો સામેલ હતી તેની ખાત્રી થઇ શકેલ નથી.

(૧૧) સદરહું પ્રોજેકટ માટે કરવામાં આવેલ સિવિલ વર્કમાં મુળભુત પ્લાનમાં (૧) ફેઝ – ૧ નું કામ રૂ.૧૮,૪૩,૮૬,૮૬૫.૦૦ (૨) ફેઝ – ૨ રકમ રૂ.૩,૨૨,૯૯,૬૩૬.૦૦ (૩) રૂફીંગ વર્ક કોન્ફરન્સ હોલ રૂ.૪,૨૭,૪૬૭.૦૦ (૪) રૂફીંગ વર્ક એકઝીબીશન હોલ રૂ.૮,૯૦,૫૮૯.૦૦ (૫) એકોસ્ટીક વર્ક રૂ.૬૪,૩૧,૨૯૩.૦૦ (૬) એચ. વી. એસી વર્ક રૂ.૧,૩૯,૯૨,૮૪૭.૦૦ (૭) પીવીએ વર્ક રૂ.૪૦,૪૦,૦૯૪.૦૦ ના કામોનો સમાવેશ કરવામાં આવેલ ન હોવા છતાં આ વધારાના કામો પાછળ કુલ રૂ.૨૪,૨૪,૬૯,૦૯૧.૦૦ નું ચુકવણું કરવામાં આવેલ છે જેની પાછળનો હેતુ જણાવી જવાબદારેથી સ્પષ્ટતા થવી ઘટે.

ફેઝ – ૧ ના બાંધકામમાં વપરાશમાં લેવામાં આવેલ માલના ટેસ્ટિંગના રીપોર્ટ સંસ્થાએ ઓડિટ સમક્ષ રજુ કરેલ ન હોઇ. માલની ગુણવત્તા બાબતે રેકર્ડ આધારિત ખાત્રી થઇ શકેલ નથી.

ફેઝ – ૨ ના કામ માટે યુનિવર્સિટી કેમ્પસ પર કામ કરતાં યુનિવર્સિટી પેનલ પરના વિવિધ કોન્ટ્રાકટર પાસેથી ભાવો મંગાવેલ હતાં આમ, નિયમોનુસાર રૂ.૨૦,૦૦૦/- થી વધુ રકમના કામો માટે જાહેરાત આપી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવી જોઇએ. આમ, સરકારી નિયમોનું ઉલ્લંઘન કરી, હરિફાઇયુકત ભાવો મેળવ્યા સિવાય ઉદય બિલ્ડકોમને કામ સોંપી ચુકવણું કરવામાં આવેલ છે. તેમજ મંગાવેલ ભાવોનું તુલનાત્મક પત્રક સંસ્થાએ રજુ નહિ કરવાને કારણે કોના નીચા ભાવ હતાં તે જાણી શકાયેલ નથી.

ઉપરોકત અ. નં. ૩ થી ૮ ના કામો માટે ત્રણ કવોટેશન મંગાવી ઉદય બિલ્ડકોમને કામ સોંપવામાં આવેલ છે. આમ, બજારમાંથી જાહેરાત આપી હરિફાઇ યુકત ભાવો મેળવ્યા સિવાય કામ આપવા બાબતે ઓડિટને આધારિત ખાત્રી કરાવવી ઘટે.

(૧૨) મુળભુત પ્લાન એસ્ટીમેટ વ્યવસ્થિત રીતે બનાવેલ ન હોઇ સિવીલ વર્કના દરેક કામમાં ૩૦ ટકા સુધીની કવોન્ટિટીમાં વધારો કરેલ છે. આમ, મુળભુત પ્લાન એસ્ટીમેટ વ્યવસ્થિત રીતે તૈયાર કરવામાં આવેલ નથી તેવું ફલિત થાય છે વધારા અંગે

જવાબદારેથી જરૂરી સ્પષ્ટતા આધાર સહ કરવી. નમુનારૂપ કિસ્સાની વિગત નીચે મુજબ છે.

| અ. નં. | કામનું નામ | પાર્ટીનું નામ | એસ્ટીમેટની રકમ | ખરેખર થયેલ ખર્ચની રકમ | તફાવત |
|---|---|---|---|---|---|
| ૧ | પ્લાસ્ટર વર્ક | ઉદય બીલ્ડકોમ કંપની | ૩૬૪૭૬૨૦ | ૫૨૧૭૧૩૦ | ૧૫૬૯૫૧૦ |
| ૨ | મીસ્લેનીયસ | !! | ૬૧૦૦૧૫૨ | ૭૮૪૯૩૮૫ | ૧૭૪૯૨૩૩ |

(૧૩) પ્રિ એન્જિનિયરિંગ વર્કના મુળભુત ટેન્ડરમાં પ્રથમ વખત ભાવ વધારો આપવામાં આવે ત્યારબાદ એક વર્ષ સુધી જો કામ પુર્ણ થાય નહિ તો પ્રાઇસ વેરીએશન ઇન્ડેક્ષ પ્રમાણે ભાવ વધારો આપવો તેવી જોગવાઇ ન હોવા છતાં પણ ભાવ વધારો આપવામાં આવેલ છે. આમ, ભાવ વધારો આપ્યા પછી પણ એક વર્ષ સુધી કામ પુર્ણ થયેલ નથી. તો કામ પુર્ણ નહિ થવાના કારણો અને ઇજારદાર સામે કરેલ કાર્યવાહીની વિગતો ઓડિટ સમક્ષ રજુ કરવી ઘટે.

(૧૪) એકોસ્ટીક વર્ક બાબતે કોઇપણ પ્રકારનો ભાવ વધારો ચુકવવામાં આવેલ નથી. તેવું સંસ્થાએ જણાવેલ છે. ટેન્ડરની કિંમત રૂ.૪૩,૭૧,૬૦૮/- પ્રમાણે ભાવો મંજુર થયેલ છે જેની સામે ઇજારદારને રૂ.૬૧,૪૧,૮૮૪.૦૦ નું ચુકવણું કરેલ છે. આમ, રૂ.૧૭,૭૦,૨૭૬.૦૦ નું વધુ ચુકવણું કરવા બાબતે ઓડિટને આધાર સહ ખાત્રી કરાવવી ઘટે. વધુમાં સદર કામ માટેની સમય મર્યાદા હાઇપાવર કમિટિ દ્વારા બિનશરતી વધારી આપેલ છે તો બિનશરતી સમય મર્યાદા કયા કારણોસર વધારી આપવામાં આવેલ છે. તો આ બાબતે પણ ઓડિટે આધાર સહ ખાત્રી કરાવવી ઘટે. તે અંગેની કોઇ વિગતો ઓડિટ સમક્ષ રજુ થયેલ નથી.

(૧૫) રૂફીંગ વર્ક ફોર કોન્ફરન્સ એન્ડ એકઝીબીશન હોલનું કામ બે માસમા પુર્ણ કરવાનું હતું ઇજારદાર દ્વારા આ કામ ફકત પાંચ જ દિવસમાં પુર્ણ કરેલ છે. આ કામની ટેન્ડર કોસ્ટ રૂ.૧૭.૨૩.૫૦૦.૦૦ હતી. જેની સામે રૂ.૧૩,૨૧,૩૫૫.૦૦ નું ચુકવણું કરેલ છે આમ. રૂ.૪.૦૨.૧૪૫.૦૦ નું ઓછુ ચુકવણું કરવામાં આવેલ છે ઉક્ત વિગતે કામની ગુણવત્તા જળવાયેલ હોય તેમ જણાતું નથી તો આ બાબતે જવાબદારેથી સ્પષ્ટતા થવી ઘટે તેમજ સ્પસીફીકેશન મુજબ કામ થયાની રેકર્ડ આધારિત ખાત્રી કરાવવી.

(૧૬) કન્વેન્શન સેન્ટર કમ એકઝીબીશન હોલ ખાતે કરવામાં આવેલ ઇલેક્ટ્રીકના કામો માટે પટેલ બ્રધર્સનું ટેન્ડર મંજુર કરવામાં આવેલ હતું. જેમાં Rigid PVC Pipe Dutrom make 75mm x 6 kg ની આઇટમનો સમાવેશ કરવામાં આવેલ ન હતો છતાં પણ આ આઇટમનો એકસ્ટ્રા આઇટમ તરીકે વપરાશમાં લઇ રૂ.૧૬,૫૫,૪૦૦.૦૦ નું ચુકવણું કરવામાં આવેલ છે આમ, ટેન્ડરમાં આ આઇટમનો સમાવેશ નહિ કરવા બાબતે તેમજ તાંત્રિક મંજુરી વખતે આ બાબત કેમ ધ્યાને લેવામાં આવેલ ન હતી જે બાબતે સ્પષ્ટતા થવી ઘટે.

(૧૭) સદરહું પ્રોજેક્ટ માટે તૈયાર કરવામાં આવેલ એસ્ટીમેટ બજાર ભાવ કે S.O.R. ના આધારે તૈયાર કરવામાં આવેલ હતાં કે કેમ? તે અંગે સ્પષ્ટતા થવી ઘટે. આ એસ્ટીમેટ યુનિવર્સિટીના તાંત્રિક અધિકારી દ્વારા ચકાસવામાં આપેલ જણાતા નથી તેમજ સરકારશ્રીના S.O.R. સાથે લોએસ્ટ ભાવના ટેન્ડરની સરખામણી થયેલ જણાતી નથી.

(૧૮) રાજય સરકારના તાંત્રિક અધિકારી તરીકે કાર્યપાલક ઇજનેર બાંધકામ કમિટિના સભ્ય હોવા છતાં તેમના દ્વારા ટેન્ડર મંજુરીના, પ્રિકવોલીફીકેશન અને રદ કરેલા ટેન્ડરો માટે તેમનો તાંત્રિક અભિપ્રાય મેળવેલ નથી અને કન્સલ્ટન્ટનો અભિપ્રાય લેવામાં આવેલ છે અને આ કામે કન્સલ્ટન્ટને કુલ પ્રોજેકટના ૧.૫ ટકા લેખે ફી ચુકવેલ છે જે બાબતે સ્પષ્ટતા થવી ઘટે તેમજ હવે જરૂરી કાર્યવાહી કરી ખાત્રી કરાવવી ઘટે.

(૧૯) પ્રોજેક્ટ કન્સલ્ટન્ટે થયેલ કામના લીધેલ માપ પર યુનિવર્સિટીના ઇજનેર દ્વારા કાઉન્ટર સહી થયેલ જણાતી નથી. જેથી માપના વ્યાજબી પણાની ખાત્રી થઇ ગણી શકાય નહીં.

(૨૦) સદરહું કામના રનીંગ બીલના ચુકવણાનું / પ્રિઓડિટ મનુભાઇ એન્ડ કંપની / ઇન્ટરનલ ઓડિટ દ્વારા કરવામાં આવેલ છે પરંતુ તેમણે આ સંસ્થાના નાણાંકિય હિતમાં આ બાબતની ચકાસણી કરેલ હોય તેમ જણાતી નથી તેમ છતાં તેઓને કન્સલ્ટન્ટ તરીકે ફી ચુકવવામાં આવેલ છે તેમજ ઓડિટ વર્ષ દરમ્યાન કેટલી ફી ચુકવવામાં આવેલ છે તેની સ્પષ્ટતા થવી ઘટે. કરાર મુજબ સંતોષકારક કામ (પ્રિઓડિટ) કર્યાની ખાત્રી કરાવવી ઘટે. તેમજ પ્રિઓડિટનો રીપોર્ટ રજુ કરવો ઘટે.

(૨૧) રેકર્ડની ચકાસણી કરતાં ઇજારદારના કાબુ બહારના સંજોગોને કારણે સમયમર્યાદા વધારી હોય તેમ જણાતું નથી. તેમ છતાં નુકસાન વળતર વસુલ કર્યા વગર સમય મર્યાદા વધારી આપેલ છે અને પ્રોજેક્ટ કોસ્ટ ડબલ થઇ જવાથી સંસ્થાને નાણાંકિય નુકસાન થયેલ છે જે બદલ જવાબદારથી સ્પષ્ટતા થવી ઘટે. કન્સલ્ટન્ટ એલ. જે. પુરાણીના તા.૨૦-૯-૦૭ ના પત્રથી ટાઇમ લિમિટમાં ચાર માસમાં કામ પુર્ણ કરવા

ઇજારદાર વોલ્ટાસ કંપનીને નોટિસ આપેલ હતી. છતાં કન્સલ્ટન્ટ દ્વારા તા.૨૯-૭-૦૮ ના રોજ સમય મર્યાદા વધારી આપવા માટે ભલામણ કરેલ હતી. આમ, કન્સલ્ટન્ટ દ્વારા કોઇ પણ જાતના વાજબી કારણ વગર ભલામણ કરવામાં આવેલ છે તેનાથી સમય મર્યાદામાં કામ પુર્ણ નહિ થતાં સંસ્થાને આર્થિક નુકસાન થયેલ છે.

(૨૨) અગેઇન્સ્ટ ડીલીવરીનું પેમેન્ટ કરતી વખતે બાકીના કામની રકમ પ્રોજેકટ કન્સ્ટલ્ટન્ટ દ્વારા દર્શાવવામાં આવતી નથી. ૭૫ ટકાનું પાર્ટીને ચુકવણું કર્યા બાદ પાર્ટીએ સમય મર્યાદામાં કામ કરેલ નથી છતાં પ્રોજેકટ કન્સલ્ટન્ટ દ્વારા સમય મર્યાદા વધારવા અંગેની ભલામણ કયા કારણોસર કરવામાં આવે છે અને ચુકવાય છે તેની સ્પષ્ટતા થવી ઘટે તેમજ ટેન્ડર મુજબ ચુકવણીની શરતો અંગે સ્પષ્ટતા થવી ઘટે તથા સદરહું શરતો સંસ્થાના હિતમાં હતી કે કેમ? તેની ઓડિટે ખાત્રી કરાવવી ઘટે.

(૨૩) ચાર્ટડ એકાઉન્ટન્ટના પ્રિ ઓડિટ અંગે થયેલ લેખિત કરાર ઓડિટમાં રજુ થયેલ નથી અને કન્સલ્ટન્ટની ભલામણ મુજબ ચુકવણાની ભલામણ કરવા સ્પષ્ટતા થવી ઘટે.

(૨૪) કન્વેન્શન સેન્ટર તૈયાર કરવાની કામગીરી સમય મર્યાદામાં પુર્ણ થયેલ નથી તેમ છતાં પ્રોજેકટ કન્સલ્ટન્ટ એલ. જે. પુરાણી સામે કોઇ કાર્યવાહી કરવામાં આવેલ નથી અને ફીની ચુકવણી કરવામાં આવેલ છે તેમજ પ્રોજેકટ કન્સલ્ટન્ટે વાજબી કારણ વગર સમયમર્યાદા વધારી આપવાની ભલામણ કરેલ છે કમિટિએ સમય મર્યાદા વધારવાની ભલામણ નામંજુર કરેલ છે. તેમ છતાં ઇજારદાર સામે કોઇ કાર્યવાહી કરવામાં આવેલ નથી અને કરેલ કામના બીલોનું ચુકવણું કરવામાં આવેલ છે જેના વ્યાજબી પણા માટે જવાબદારેથી આધાર સહ સ્પષ્ટતા કરવી ઘટે.

(૨૫) સંસ્થાએ સદરહું પ્રોજેકટ બાબતે કન્સલ્ટન્ટના ટેન્ડર મંજુરીમાં પ્રોજેકટ કોસ્ટ પ્રમાણે ફીની ચુકવણી કરવાનું નક્કી કરેલ હતુ પરંતુ જો આ ટેન્ડર કલોઝમાં ટેન્ડરની મજુર થયેલ રકમ પર કન્સલ્ટન્ટને ફી ચુકવવાનું નક્કી કરવામાં આવેલ હોતતો સંસ્થાને કન્સલ્ટન્ટને ફીની ચુકવણીમાં નુકસાન વેઠવુ પડત ન હોત સદર પ્રોજેકટ બાબતે કન્સલ્ટન્ટ દ્વારા સમય મર્યાદામાં કામ પુર્ણ થાય તે બાબતની તકેદારી રાખવામાં આવેલ નથી જેથી સંસ્થાની સદરહું પ્રોજેકટની કોસ્ટ વધી જાય તેમ છે અને સંસ્થાને નુકસાન થાય તેમ છે.

પ્રા. વા. નં. ૫૭, ૫૮, ૬૨, ૬૩, ૬૫, ૭૯, ૮૦ તથા ૧૧૯ ના સંસ્થાએ આપેલ જવાબો ગ્રાહય રાખી શકાય તેમ નથી.

વાંધા હેઠળ રકમ રૂ.૩૫,૮૦,૬૫,૧૫૭/-

## ફકરા નં. ૧૮

સેલ્ફ ફાયનાન્સ કોલેજો પાસેથી ઉઘરાવવામાં આવતા ડેવલપમેન્ટ ફંડ બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૮-૦૯ ના અન્વેષણ દરમ્યાન ગુજરાત યુનિવર્સિટી દ્વારા સેલ્ફ ફાયનાન્સ કોલેજોને મંજુરી આપવામાં આવતી હોય છે અને તે માટે દરેક કોલેજ પાસેથી ડેવલપમેન્ટ ફંડ પેટે અમુક રકમ લેવામાં આવતી હોય છે જે બાબતે નીચે પ્રમાણે ઓડિટ નોંધ આપવામાં આવે છે.

પ્રા. વાં. નં. ૭૫, તા.૨૭-૩-૨૦૧૨ ના અનુસંધાને સંસ્થાએ આપેલ જવાબ મુજબ ઓડિટ વર્ષમાં કુલ ૧૦૯ સેલ્ફ ફાયનાન્સ કોલેજો હતી. જે પૈકી ત્રણ કોલેજો (૧) શેઠ સી. એલ. કોમર્સ કોલેજ રખીયાલ (૨) એન. એમ. ઝાલા આર્ટસ / કોમર્સ કોલેજ નરોડા તેમજ (૩) શ્રીમતી આર. બી. પટેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સાણંદ નબળી હોવાથી એકઝીક્યુટીવ કાઉન્સીલમાં તેઓની આવુ ફંડ ભથ્થામાંથી મુક્તિ આપવા સંબંધે વિચાર કરી મુક્તિ નહીં આપવા બાબતે નિર્ણય લેવામાં આવેલ.

આ કોલેજો પાસેથી પ્રત્યેક કોલેજ દીઠ રૂપિયા દસ લાખ વસુલવામાં બાકીમાં છે જે બાબતે યુનિવર્સિટી દ્વારા શું પગલાં લીધાં તે બાબતે કોઇ સ્પષ્ટતા કરેલ નથી અને આવી કોલેજોનું એફીલેશન ચાલુ રાખેલ છે સંસ્થાના તા.૨૯-૪-૨૦૧૨ ના જવાબમાં જણાવ્યા મુજબ સેલ્ફ ફાયનાન્સ કોલેજો ડેવલપમેન્ટ ફંડ ન ભરેતો તે માટે દંડની કોઇ જોગવાઇ રાખવામાં આવેલ નથી. આમ કયા કારણોસર દંડની જોગવાઇ રાખવામાં આવેલ નથી અને જે તે કોલેજો ડેવલપમેન્ટ ફંડ ન ભરેતો શું પગલાં લેવા યુનિવર્સિટીએ નક્કી કરેલ છે તે બાબતે જરૂરી સ્પષ્ટતા થવી ઘટે.

ડેવલપમેન્ટ ફંડની રકમ નક્કી કરવાના કોઇ નિયમો કે ધારાધોરણ રજુ થયેલ નથી. જેથી સંસ્થાએ નિયમો બનાવેલ નહીં હોવાનું ફલિત થાય છે તેમજ નિયમોનુસાર હોવાની ખાત્રી થઇ શકેલ નથી. ઉઘરાવેલ ડેવલપમેન્ટ ફંડ કયા નિયમો અને ધારા ધોરણ અનુસાર છે તેની વિગત રજુ થયેલ નથી. તેના ઉપયોગની વિગતો પણ રજુ થયેલ નથી. તેમજ ઉઘરાવેલ ડેવલપમેન્ટ ફંડનો કઇ રીતે ઉપયોગ કરવો તેના પણ કોઇ સ્પષ્ટ નિયમો રજુ કરવામાં આવેલ નથી.

ઉપરોકત વિગતે જવાબદારેથી સ્પષ્ટતા થવી ઘટે.

પ્રા. વાં. નં. ૭૫, તા.૨૭-૩-૧૨ નો સંસ્થાએ કરેલ જવાબ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

**ફકરા નં. ૧૯**

વિવિધ બેંકોમાં મુકેલ ફીક્સ ડીપોઝીટો પાકતી **મુદ્દત પહેલાં** વટાવવા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને **૨૦૦૮-૦૯** ના અન્વેષણ દરમ્યાન ડીપોઝીટ **રજિસ્ટરની** ચકાસણી કરતાં સામેલ પરિશિષ્ટ – **૫ ની વિગતે** કોલમ નં. ૭ માં જણાવેલ વિગતે મુકેલ ડીપોઝીટો કાચી વટાવવામાં આવેલ છે જે બાબતે નીચે પ્રમાણે ઓડિટ નોંધ આપવામાં આવે છે.

સદરહુ ડીપોઝીટો મુદ્દત વિત્યા અગાઉ કયા કારણોસર વટાવવામાં આવેલ હતી અને વટાવેલ ડીપોઝીટોનો ઉપયોગ કયા હેતુ માટે કરવામાં આવેલ હતો તે બાબતે સ્પષ્ટતા કરેલ **નથી.** જે જવબદારેથી સ્પષ્ટતા થવી ઘટે.

**સંસ્થા** દ્વારા નિભાવવામાં આવતુ ડીપોઝીટ **રજિસ્ટર**માં કરવામાં આવેલ નોંધો અધુરી વિગતે કરવામાં આવેલ છે. સંસ્થા દ્વારા ફીકસ ડીપોઝીટના સર્ટીફીકેટો સક્ષમ અધિકારીશ્રીની એક કસ્ટડીમાં રાખવાના હોય છે જે ખરેખર કેશીયર પાસે રાખવામાં આવેલ છે. નિયમોચિત નથી વળી કેશીયરશ્રીના નિયમોનુસાર જમીનખત લેવા જોઇએ જે પણ લીધેલ નથી આમ નિયમનો અમલ નહીં કરવા બાબતે જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

વધુમાં સદરહુ ડીપોઝીટો મુદ્દત વિતતા પહેલાં વટાવવાને કારણે યુનિવર્સિટીને રૂ.૨૭.૨૬,૧૫૬/- ની વ્યાજ ખાદ્ય પડેલ છે જે બાબતે પણ જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.
સામેલ પરિ. ૫ માં દર્શાવેલ ક્રમ નં. ૧ થી ૮ ની ડીપોઝીટો કયા કારણોસર પુનઃ ડિપોઝીટ

પ્રા. વાં. નં. ૧૦૨, તા.૪-૭-૧૨ નો **સંસ્થાએ આપેલ** જવાબ ગ્રાહ્ય **રાખી** શકાય તેમ નથી.

કરાવેલ નથી તે અંગે સ્પષ્ટતા થવી ઘટે

## STATEMENT - 1

### Statement showing loss of interest on renewal / reinvestment in Fixed Deposits 2008-09

| Sr. No. | FD No. | Amount of FD (Rs.) | ROI % | Investment Date | Original Maturity Date | Date of Pre maturity | Period of pre-maturity (No. of Days) | Period of original investment (No. of days) | Original Maturity Amount (Rs.) | Amount of realisation on date of pre maturity (Rs.) | Loss of Interest on pre maturity (Rs.) | Reinvested Amount (Rs.) | Date of reinvestment of FD | New ROI on reinvestment | Delayed period in reinvestment (Col. 14-7) | Amount of interest received for a period till the original date of maturity from the date of pre maturity minus delayed reinvestment @ new ROI | Amount of interest would not have been received for period till maturity from the date of pre maturity including delay in reinvestment @ 11.5% ROI | Net Loss of Interest (Rs.) Col no. (12+18)-Col. 17 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 | 17 | 18 | 19 |
| 1 | 963756 | 5556852 | 9.30 | 17-5-08 | 17-5-09 | 24-10-08 | 205 | 1 Year | 6091943 | 5715184 | 376759 | | | | | | | |
| 2 | 963757 | 5556852 | 9.30 | 17-5-08 | 17-5-09 | 24-10-08 | 205 | 1 Year | 6091943 | 5715184 | 376759 | | | | | | | |
| 3 | 963758 | 5556852 | 9.30 | 17-5-08 | 17-5-09 | 5/12/2008 | 164 | 1 Year | 6091943 | 5756746 | 335197 | | | | | | | |
| 4 | 963759 | 5556852 | 9.30 | 17-5-08 | 17-5-09 | 5/12/2008 | 164 | 1 Year | 6091943 | 5756746 | 335197 | | | | | | | |
| 5 | 963760 | 5556852 | 9.30 | 17-5-08 | 17-5-09 | 9/1/2009 | 129 | 1 Year | 6091943 | 5791382 | 300561 | | | | | | | |
| 6 | 963761 | 5556852 | 9.30 | 17-5-08 | 17-5-09 | 9/1/2009 | 129 | 1 Year | 6091943 | 5791382 | 300561 | | | | | | | |
| 7 | 963762 | 5556852 | 9.30 | 17-5-08 | 17-5-09 | 9/1/2009 | 129 | 1 Year | 6091943 | 5791382 | 300561 | | | | | | | |
| 8 | 963763 | 5556852 | 9.30 | 17-5-08 | 17-5-09 | 9/1/2009 | 129 | 1 Year | 6091943 | 5791382 | 300561 | | | | | | | |
| | Total | | | | | | | | 48735544 | 46109388 | 2626156 | | | | | | | |

TX Report

Date: 06/01 2014 03:40pm
Name: LFA_AHMEDABADAG
ID: 07925507341

| Date/Time | TX/RX | Duration | Remote | Pages | Results |
|---|---|---|---|---|---|
| 06/01 2014 03:39pm | Send | '00"31 | 02652429749 | 1 | OK |

832

TX Report

Date: 06/01 2014 03:38pm
Name: LFA_AHMEDABADĀG
ID: 07925507341

| | Date/Time | TX/RX | Duration | Remote | Pages | Results |
|---|---|---|---|---|---|---|
| 831 | 06/01 2014 03:37pm | Send | '00"32 | 02652429749 | 1 | OK |

**ફકરા નં. ૧૯**

વિવિધ બેંકોમાં મુકેલ ફીક્સ ડીપોઝીટો પાકતી મુદ્દત પહેલાં વટાવવા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૮-૦૯ ના અન્વેષણ દરમ્યાન ડીપોઝીટ રજિસ્ટરની ચકાસણી કરતાં સામેલ પરિશિષ્ટ – ૫ ની વિગતે કોલમ નં. ૭ માં જણાવેલ વિગતે મુકેલ ડીપોઝીટો કાચી વટાવવામાં આવેલ છે જે બાબતે નીચે પ્રમાણે ઓડિટ નોંધ આપવામાં આવે છે.

સદરહુ ડીપોઝીટો મુદ્દત વિત્યા અગાઉ કયા કારણોસર વટાવવામાં આવેલ હતી અને વટાવેલ ડીપોઝીટોનો ઉપયોગ કયા હેતુ માટે કરવામાં આવેલ હતો તે બાબતે સ્પષ્ટતા કરેલ નથી. જે જવબદારેથી સ્પષ્ટતા થવી ઘટે.

સંસ્થા દ્વારા નિભાવવામાં આવતુ ડીપોઝીટ રજિસ્ટરમાં કરવામાં આવેલ નોંધો અધુરી વિગતે કરવામાં આવેલ છે. સંસ્થા દ્વારા ફીકસ ડીપોઝીટના સર્ટીફીકેટો સક્ષમ અધિકારીશ્રીની એક કસ્ટડીમાં રાખવાના હોય છે જે ખરેખર કેશીયર પાસે રાખવામાં આવેલ છે. નિયમોચિત નથી વળી કેશીયરશ્રીના નિયમોનુસાર જમીનખત લેવા જોઇએ જે પણ લીધેલ નથી આમ નિયમનો અમલ નહીં કરવા બાબતે જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

વધુમાં સદરહુ ડીપોઝીટો મુદ્દત વિતતા પહેલાં વટાવવાને કારણે યુનિવર્સિટીને રૂ.૨૬.૨૬.૧૫૬/- ની વ્યાજ ખાદ્ય પડેલ છે જે બાબતે પણ જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.
આમેલ પરિ. ૫ માં દર્શાવેલ ક્રમ નં. ૧ થી ૮ ની એફ.ડી. કયા કારણોસર પુન: ડિપો

પ્રા. વાં. નં. ૧૦૨, તા.૪-૭-૧૨ નો સંસ્થાએ આપેલ જવાબ ગ્રાહય રાખી શકાય તેમ નથી.

કરાવેલ નથી તે અંગે સ્પષ્ટતા થવી ઘટે

**ફકરા નં. ૧૮**

**સેલ્ફ ફાયનાન્સ કોલેજો પાસેથી ઉઘરાવવામાં આવતા ડેવલપમેન્ટ ફંડ બાબત.**

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૮-૦૯ ના અન્વેષણ દરમ્યાન ગુજરાત યુનિવર્સિટી દ્વારા સેલ્ફ ફાયનાન્સ કોલેજોને મંજુરી આપવામાં આવતી હોય છે અને તે માટે દરેક કોલેજ પાસેથી ડેવલપમેન્ટ ફંડ પેટે અમુક રકમ લેવામાં આવતી હોય છે જે બાબતે નીચે પ્રમાણે ઓડિટ નોંધ આપવામાં આવે છે.

પ્રા. વાં. નં. ૭૫, તા.૨૭-૩-૨૦૧૨ ના અનુસંધાને સંસ્થાએ આપેલ જવાબ મુજબ ઓડિટ વર્ષમાં કુલ ૧૦૯ સેલ્ફ ફાયનાન્સ કોલેજો હતી. જે પૈકી ત્રણ કોલેજો (૧) શેઠ સી. એલ. કોમર્સ કોલેજ રખીયાલ (૨) એન. એમ. ઝાલા આર્ટસ / કોમર્સ કોલેજ નરોડા તેમજ (૩) શ્રીમતી આર. બી. પટેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સાણંદ નબળી હોવાથી એકઝીકયુટીવ કાઉન્સીલમાં તેઓની આવુ ફંડ ભથ્થામાંથી મુક્તિ આપવા સંબંધે વિચાર કરી મુક્તિ નહીં આપવા બાબતે નિર્ણય લેવામાં આવેલ.

આ કોલેજો પાસેથી પ્રત્યેક કોલેજ દીઠ રૂપિયા દસ લાખ વસુલવામાં બાકીમાં છે જે બાબતે યુનિવર્સિટી દ્વારા શું પગલાં લીધાં તે બાબતે કોઇ સ્પષ્ટતા કરેલ નથી અને આવી કોલેજોનું એફીલેશન ચાલુ રાખેલ છે સંસ્થાના તા.૨૬-૪-૨૦૧૨ ના જવાબમાં જણાવ્યા મુજબ સેલ્ફ ફાયનાન્સ કોલેજો ડેવલપમેન્ટ ફંડ ન ભરેતો તે માટે દંડની કોઇ જોગવાઇ રાખવામાં આવેલ નથી. આમ કયા કારણોસર દંડની જોગવાઇ રાખવામાં આવેલ નથી અને જે તે કોલેજો ડેવલપમેન્ટ ફંડ ન ભરેતો શું પગલાં લેવા યુનિવર્સિટીએ નક્કી કરેલ છે તે બાબતે જરૂરી સ્પષ્ટતા થવી ઘટે.

ડેવલપમેન્ટ ફંડની રકમ નક્કી કરવાના કોઇ નિયમો કે ધારાધોરણ રજુ થયેલ નથી. જેથી સંસ્થાએ નિયમો બનાવેલ નહીં હોવાનું ફલિત થાય છે તેમજ નિયમોનુસાર હોવાની ખાત્રી થઇ શકેલ નથી. ઉઘરાવેલ ડેવલપમેન્ટ ફંડ કયા નિયમો અને ધારા ધોરણ અનુસાર છે તેની વિગત રજુ થયેલ નથી. તેના ઉપયોગની વિગતો પણ રજુ થયેલ નથી. તેમજ ઉઘરાવેલ ડેવલપમેન્ટ ફંડનો કઇ રીતે ઉપયોગ કરવો તેના પણ કોઇ સ્પષ્ટ નિયમો રજુ કરવામાં આવેલ નથી.

ઉપરોકત વિગતે જવાબદારેથી સ્પષ્ટતા થવી ઘટે.

પ્રા. વાં. નં. ૭૫, તા.૨૭-૩-૧૨ નો સંસ્થાએ કરેલ જવાબ ગ્રાહય રાખી શકાય તેમ નથી.

## ફકરા નં. ૧૯

**વિવિધ બેંકોમાં મુકેલ ફીક્સ ડીપોઝીટો પાકતી મુદ્દત પહેલાં વટાવવા બાબત.**

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૮-૦૯ ના અન્વેષણ દરમ્યાન ડીપોઝીટ રજિસ્ટરની ચકાસણી કરતાં સામેલ પરિશિષ્ટ – ૫ ની વિગતે કોલમ નં. ૭ માં જણાવેલ વિગતે મુકેલ ડીપોઝીટો કાચી વટાવવામાં આવેલ છે જે બાબતે નીચે પ્રમાણે ઓડિટ નોંધ આપવામાં આવે છે.

સદરહુ ડીપોઝીટો મુદ્દત વિત્યા અગાઉ કયા કારણોસર વટાવવામાં આવેલ હતી અને વટાવેલ ડીપોઝીટોનો ઉપયોગ કયા હેતુ માટે કરવામાં આવેલ હતો તે બાબતે સ્પષ્ટતા કરેલ નથી. જે જવબદારેથી સ્પષ્ટતા થવી ઘટે.

સંસ્થા દ્વારા નિભાવવામાં આવતુ ડીપોઝીટ રજિસ્ટરમાં કરવામાં આવેલ નોંધો અધુરી વિગતે કરવામાં આવેલ છે. સંસ્થા દ્વારા ફીકસ ડીપોઝીટના સર્ટીફીકેટો સક્ષમ અધિકારીશ્રીની એક કસ્ટડીમાં રાખવાના હોય છે જે ખરેખર કેશીયર પાસે રાખવામાં આવેલ છે. નિયમોચિત નથી વળી કેશીયરશ્રીના નિયમોનુસાર જમીનખત લેવા જોઇએ જે પણ લીધેલ નથી આમ નિયમનો અમલ નહીં કરવા બાબતે જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

વધુમાં સદરહુ ડીપોઝીટો મુદ્દત વિતતા પહેલાં વટાવવાને કારણે યુનિવર્સિટીને રૂ.૨૬,૨૯,૧૫૬/- ની વ્યાજ ખાદ્ય પડેલ છે જે બાબતે પણ જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.સામેલ પરિ-૫ માં દર્શાવેલ ક્રમ.૧ થી ૮ ની એફ ડી કયા કારણોસર પુનઃ ડીપોઝિટ કરાવેલ નથી તે અંગે સ્પષ્ટતા થવી ઘટે.

પ્રા. વાં. નં. ૧૦૨, તા.૪-૭-૧૨ નો સંસ્થાએ આપેલ જવાબ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

અગાઉના વર્ષોમાં જે ઓડિટ વાંધા લેવામાં આવેલ હોય તેનું પુનરાવર્તન ન થાય તેની તકેદારી રાખવા અને તે મુજબ યુનિવર્સિટીના જુદા – જુદા વિભાગના વડાઓને માર્ગદર્શન તથા સુચનો પાઠવી ધ્યાનમાં લાવવાનો ઓડિટનો અનુરોધ છે. જેથી એકના એક પ્રકારના ઓડિટ વાંધાઓનું દર વર્ષે પુનરાવર્તન ન થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવે તેવું ઓડિટ ખાસ સુચન કરે છે અને તો જ ઓડિટનો હેતું જળવાઇ રહે.

ઓડિટ દરમ્યાન ધ્યાને આવેલ અનિયમિતતા ઉપર જવાબ રજુ ન થવાના કારણે સંસ્થા દ્વારા સુધારાત્મક પગલા લેવાય છે કે કેમ? તે સ્પષ્ટત થતું નથી અને નાણાકીય અનિયમિતતા થવાના અને વધવાની શક્યતાઓ પણ જણાય છે.

**ફકરા નં. 3**

**આવક કરતાં ખર્ચમાં વધારો થવાના કારણે નાણાંકિય પરિસ્થિતિ પ્રતિકુળ હોવા બાબત.**

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૮-૦૯ ના અન્વેષણ દરમ્યાન ગુજરાત યુનિવર્સિટીના છેલ્લા ત્રણ વર્ષના આવક ખર્ચની સરેરાશ જોતાં નીચે મુજબની પરિસ્થિતિ જોવા મળેલ છે.

<u>ઓડિટ વર્ષ – ૨૦૦૮-૦૯</u>

| વર્ષ | આવક | ખર્ચ | ખર્ચમાં વધારો | આવકમાં |
|---|---|---|---|---|
| ૨૦૦૬-૦૭ | ૩૧,૧૧,૮૦,૩૩૫/- | ૩૧,૪૦,૦૫,૪૭૯/- | ૨૮,૨૫,૧૪૪/- | --- |
| ૨૦૦૭-૦૮ | ૩૧,૭૫,૦૬,૫૯૧/- | ૩૨,૧૬,૨૪,૩૧૪/- | ૪૧૧૭૭૨૩ | |
| ૨૦૦૮-૦૯ | ૩૨,૬૪,૬૪,૧૬૪/- | ૩૩,૩૧,૧૦,૯૭૩/- | ૬૬,૪૬,૮૦૯/- | --- |
| કુલ | ૯૫૫૧૫૧૦૯૦/- | ૯૬,૮૭,૪૦,૭૬૬/- | ૧૩૫૮૯૬૭૬/- | |
| સરેરાશ | ૩૧૮૩૮૩૩૧૬૯૬/- | ૩૨,૨૯,૧૩,૫૮૮/- | ૪૫,૨૯,૮૯૨/- | --- |

સરેરાશ ખર્ચમાં વધારો રૂ.૪૫,૨૯,૮૯૨/-

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૮-૦૯ ના વર્ષની આવક જાવકની ચકાસણી કરતાં સને ૨૦૦૮-૦૯ દરમ્યાન રૂ.૩૨,૬૪,૬૪,૧૬૪/- ની સામે રૂ.૩૩,૩૧,૧૦,૯૭૩/- નો ખર્ચ થવા પામેલ હતો જે આવક કરતાં રૂ.૬૬,૪૬,૮૦૯/- વધારે હતો. આમ ફંડ અને દેવાં તેમજ મિલ્કત અને લેણાંની વિગતો જોતાં યુનિવર્સિટીની નાણાંકીય પરિસ્થિતિ અતિ ગંભીર હોવાનું સ્પષ્ટ પણે નીચેની વિગતે ફલિત થાય છે.

ગુજરાત યુનિવર્સિટી દ્વારા તૈયાર કરેલ વાર્ષિક હિસાબ વર્ષ ૨૦૦૮-૦૯ માં તા.૩૧-૩-૦૯ ના રોજના સરવૈયામાં પૃષ્ઠ – ૨૯ ઉપર તેના મિલ્કત – લેણાં બાજુએ આવક ખર્ચ એકાઉન્ટની વિગતની પરિસ્થિતિ નીચે મુજબ દર્શાવેલ છે.

**આવક – ખર્ચ એકાઉન્ટ**

(એ) છેલ્લા હિસાબ મુજબ - (-) ૨,૭૬,૩૫,૮૭૫.૦૩

ઉમેરો :-

(બી) ચાલુ વર્ષે આવક કરતાં ખર્ચનો વધારો - ૬૬,૪૬,૮૦૮.૭૭

બાદ :-

(સી) ચાલુ વર્ષે એડજસ્ટ કર્યા - (-) ૨,૫૯,૧૮૬.૩૨

(ડી) - (-) ૨,૧૨,૪૮,૨૫૨.

ઉપરોકત માઇનસ (-) દર્શાવેલ વિગતોની સ્પષ્ટતા કરવી.

યુનિવર્સિટી દ્વારા તૈયાર કરેલ વાર્ષિક હિસાબ પાકા સરવૈયામાં મિલ્કત – લેણાં ૨૦૦૮-૦૯ માં હિસાબના પાકા સરવૈયામાં મિલકત – લેણાં બાજુ રૂ.૨૦૬.૩૫ માતબર રકમ આવક – ખર્ચ ખાતાની બતાવેલ છે. એટલે કે ગુજરાત યુનિવર્સિટીની (આવક કરતાં ખર્ચમાં વધારો) રહેવા પામેલ છે. આમ યુનિવર્સિટી દ્વારા પ્રતિવર્ષ અંદાજપત્ર બનાવવાને કારણે આવકની મર્યાદામાં જ ખર્ચનું આયોજન નહીં કરવાને ઉત્તરોત્તર વધતી જવા પામેલ છે. જે યુનિવર્સિટીની નાણાંકીય સ્થિતિ કથળતી જતી મુળ કારણ છે.

સને ૨૦૦૮-૦૯ ની રૂ.૧૨,૮૨,૮૮,૫૭૧/- પણ યુનિવર્સિટીની જવાબદારી છે જો કરવામાં આવે તો યુનિવર્સિટીની નાણાંકીય પરિસ્થિતિ અત્યંત ગંભીર બને તેમ છે.

ગુજરાત યુનિવર્સિટીના વાર્ષિક હિસાબોમાં સને ૨૦૦૮-૦૯ દરમ્યાન રૂ.૧૫,૧૫,૩૮ મિલકત લેણાં બાજુ દર્શાવવાના કારણે હકીકતમાં પેશગીઓ સમયસર સરભર નહીં કારણે આ સ્વરૂપે થયેલ ખર્ચ ગણવાપાત્ર થાય છે. હકીકતમાં આવાં ખાતાં સરભર થયેલ તો ખર્ચમાં તેટલો વધારો થાત અને ઉપર દર્શાવ્યા મુજબ ખર્ચમાં તેટલો વધુ વધારો થાય સ્વાભાવિક છે.

ઉપરોકત ખોટ સત્વરે પુરી કરવા અને યુનિવર્સિટીની આર્થિક પરિસ્થિતિ સંગીન બનાવવા ઘટીત – ત્વરીત તેમજ જરૂર પડયે સરકારશ્રીની પુર્વ મંજુરી મેળવી આકરાં પગલાં લેવા અનુરોધ છે આ બાબતે નીચે જણાવેલ સુચનો ધ્યાને લેવાના રહે.

(૧) ખર્ચ આવકની મર્યાદામાં રહીને જ કરવુ.

(૨) પાર્ટી ઓન એકાઉન્ટ પ્રથા સદંતર બંધ કરવી.

(૩) યુનિવર્સિટી પ્રેસની આવક વધારી, ખર્ચમાં ઘટાડો કરી પ્રેસની ખોટ ઘટાડવી પરીક્ષાની તમામ કામગીરી પોતાના જ પ્રેસમાં કરવી.

(૪) પરીક્ષા ખર્ચમાં ઘટાડો કરવો.

(૫) વિદ્યોત્તેજક દાન મેળવવાના પ્રયત્નો સઘન બનાવવા.

(૬) સરકારશ્રીના કરકસરના પગલાંના ઠરાવ આધારે તમામ ખર્ચા, ફી. ટેલીફોન, સેમીનાર

વિગેરે પાછળનો તેમજ કન્ટીજન્સી ખર્ચ જેવાકે ઝેરોક્ષ, ચા – પાણી, નાસ્તા ખર્ચ, મીટીંગ અંગેના ખર્ચ વિગેરેમાં કરકસર યુકત પગલાં લેવાં.

(૭) નિભાવ ગ્રાન્ટ ફાળવણી અંગેની શરતોનું પાલન કરવું અમાન્ય ખર્ચા બંધ કરવા.

(૮) સરકારશ્રીની પુર્વ મંજુરી મેળવી જુદી – જુદી ફી વગેરેમાં થયા યોગ્ય વધારો કરવો અને મંજુરી મેળવ્યા બાદ જ રોજમદાર કે ફીકસ પગાર કે અન્ય હંગામી મહેકમની નિયુક્તિ કરવી.

(૯) ફોમ્સ સંશોધન પ્રકાશિત થયેલ પુસ્તકો, લેખોનું વેચાણ તેમજ પરીક્ષાને લગતા અન્ય પ્રકાશનોના વેચાણ દ્વારા આવક ઉભી કરવી.

(૧૦) બહારની એજન્સી/ ખાનગી પ્રેસ પાસે પ્રિન્ટીંગ કે પરીક્ષા અંગેનું કામ બંધ કરાવવુ. પોતાની માલિકીના પ્રેસ તથા કોમ્પ્યુટર સેન્ટર મારફતે પરીક્ષાની સંપુર્ણ કામગીરી કરાવવી.

(૧૧) હેતુ પુર્ણ થવા છતાં વસુલ ન આવેલ લોન અને પેશગીઓ એક જ હપ્તામાં વસુલ લેવી અને એક પેશગી સરભર ન થાય ત્યાં સુધી બીજી પેશગી મંજુર કરવી નહી.

(૧૨) ખાલી કવાર્ટસ, હોલ વગેરે ભાડે આપી આવક ઉભી કરવી તે જ પ્રમાણે યુનિવર્સિટી કંપાઉન્ડમાં ઉગી નિકળેલ ઘાસ, સુકાઇ થયેલ વૃક્ષોનું વેચાણ કરી આવક ઉભી કરવી તેમજ અગાઉ ભાડે આપેલ યુનિવર્સિટીની માલિકીના મકાનો, દુકાનો, વગેરેના ભાડામાં વધારો કરી આવક ઉભી કરવી જોઇએ.

પ્રા. વાં. નં. ૨૩, તા.૧૧-૧૦-૧૧ નો સંસ્થાએ આપેલ જવાબ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

# ગુજરાત યુનિવર્સિટી

## વાર્ષિક હિસાબો વર્ષ 2008-2009

(71)

પરિશિષ્ટ- કે

| ક્રમ | રોકડ અને બીજી પુરાંતો | ઉધાર | જમા |
|---|---|---|---|
| | | | |
| | કેલકશનબુક તથા પરમેનેન્ટ | | |
| | | | |
| | | | |
| | (1) જનરલ ફંડ સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા જીએફ | | 7784.29 |
| | (2) ઈ આર ડી એફ એસ.બી.આઇ. | 7716018.92 | |
| | (3) સ્ટેટબેંક ઓફ ઇન્ડીયા યુનિ. Bed. Admi. | 8511235.00 | |
| | (4) SBI બ્રાન્ચ લાઇબ્રેરી | 4699.34 | |
| | (5) ગુજ યુનિ. સ્પોર્ટસ એકાઉન્ટ | | 2400000.00 |
| | (6) બક ઓફ ઇન્ડીયા જી એફ | | 1993.51 |
| | (7) બક ઓફ બરોડા જી એફ | 483.03 | |
| | (9) સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા યુનિ બ્રાન્ચ | | 35873617.41 |
| | (10) સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા ગ્રાન્ટ ઓકા. | 969474.91 | |
| | (11) પી. જી. ફી બી. જે. મેડીકલ | 100.00 | |
| | (12) પી. જી. ફી વી. એસ. હોસ્પિટલ | 100.00 | |
| | (13) B.O.I. રજીસ્ટ્રાર ગુજ યુનિ. એકા. | 10000.00 | |
| | | 27212111.20 | 38283395.21 |
| | બેંક પુરાંત------> | | |
| 2 | ટુંકી મુદતની ડીપોઝીટ | | |
| | (1) બેંક ઓફ ઇન્ડીયા | 5015000.00 | |
| | (2) સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા યુનિ. બ્રાન્ચ | 73680571.15 | |
| | (3) ઇન્ડીયન. બેંક | 50908475.00 | |
| | (4) દેના બેંક | 92648.60 | |
| | (5) સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડીયા | | 82988.00 |
| | (6) યુનિયન બેંક ઓફ ઇન્ડીયા | 53856894.00 | |
| | (7) ઇ.આર.ડી.એફ. એસ.બી.આઇ. | 117888340.00 | |
| | (8) સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા નરોડા બ્રાન્ચ | 223144.00 | |
| | (9) A D C બેંક નરોડા બ્રાન્ચ | 370812.00 | |
| | (10) આંન્ધ્ર બેંક | 263283732.00 | |
| | (11)અલ્હાબાદ બેંક | 68385218.00 | |
| | (12) કોલેજોની ફીક્સ ડીપોઝટપર વ્યાજ | | 47915700.29 |
| | (13)બેંક ઓફ મહારાષ્ટ્ર | 76855439.00 | |
| | ટુંકી મુદતની ડીપોઝીટ-----> | 710560273.75 | 47998688.29 |
| | | 662561585.46 | |
| | (1) બેંક પુરાંતો | | -11067246.05 |
| | (2) રોકડ અને બીજી પુરાંતો પરિશિષ્ટ એલમુજબ | | 25792.10 |
| | (3) ટુંકી મુદતની ડીપોઝીટ | | 662561585.46 |
| | (4)પોસ્ટ ઓફિસ એકાઉન્ટ નવરંગપુરા | | |
| | | | 651520131.51 |

53

**STATEMENT - 1** 12/21/02-4

**Statement showing loss of interest on renewal / reinvestment in Fixed Deposits 2008-09**

| Sr. No. | FD No. | Amount of FD (Rs.) | ROI % | Investment Date | Original Maturity Date | Date of Pre maturity | Period of pre-maturity (No. of Days) | Period of original investment (No. of days) | Original Maturity Amount (Rs.) | Amount of realisation on date of pre maturity (Rs.) | Loss of Interest on pre maturity (Rs.) | Reinvested Amount (Rs.) | Date of reinvestment of FD | New ROI on reinvestment | Delayed period in reinvestment (Col. 14-7) | Amount of Interest received for a period till the original date of maturity from the date of pre maturity minus delayed reinvestment @ new ROI | Amount of interest would not have been received for period till maturity from the date of pre maturity including delay in reinvestment @ 11.5% ROI | Net Loss of Interest (Rs.) Col no. (12+18)-Col. 17 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 | 17 | 18 | 19 |
| 1 | 963756 | 5556852 | 9.30 | 17-5-08 | 17-5-09 | 24-10-08 | 205 | 1 Year | 6091943 | 5715184 | 376759 | | | | | | | |
| 2 | 963757 | 5556852 | 9.30 | 17-5-08 | 17-5-09 | 24-10-08 | 205 | 1 Year | 6091943 | 5715184 | 376759 | | | | | | | |
| 3 | 963758 | 5556852 | 9.30 | 17-5-08 | 17-5-09 | 5/12/2008 | 164 | 1 Year | 6091943 | 5756746 | 335197 | | | | | | | |
| 4 | 963759 | 5556852 | 9.30 | 17-5-08 | 17-5-09 | 5/12/2008 | 164 | 1 Year | 6091943 | 5756746 | 335197 | | | | | | | |
| 5 | 963760 | 5556852 | 9.30 | 17-5-08 | 17-5-09 | 9/1/2009 | 129 | 1 Year | 6091943 | 5791382 | 300561 | | | | | | | |
| 6 | 963761 | 5556852 | 9.30 | 17-5-08 | 17-5-09 | 9/1/2009 | 129 | 1 Year | 6091943 | 5791382 | 300561 | | | | | | | |
| 7 | 963762 | 5556852 | 9.30 | 17-5-08 | 17-5-09 | 9/1/2009 | 129 | 1 Year | 6091943 | 5791382 | 300561 | | | | | | | |
| 8 | 963763 | 5556852 | 9.30 | 17-5-08 | 17-5-09 | 9/1/2009 | 129 | 1 Year | 6091943 | 5791382 | 300561 | | | | | | | |
| | | | | Total | | | | | 48735544 | 46109388 | 2626156 | | | | | | | |

**ફકરા નં. ૨૦**

સરકારશ્રીએ નક્કી કરેલ અનામત કવોટા મુજબ કોલેજોમાં વિદ્યાર્થીઓની બેઠકો નહિ ભરવા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૮-૦૯ ના વર્ષના અન્વેષણ દરમ્યાન સંસ્થાએ રજુ કરેલ વાર્ષિક વહીવટ અહેવાલની ચકાસણી કરતાં કોલેજોમાં અનામત કવોટાના વિદ્યાર્થીઓની સંખ્યા સરકારશ્રીએ નક્કી કરેલ અનામત કવોટા કરતાં ઓછી ભરેલ છે સરકારશ્રીએ અનુસુચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે ૧૫ ટકા, અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓ માટે ૭ ટકા તથા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત જાતિના વિદ્યાર્થીઓ માટે ૨૭ ટકા બેઠકો ભરવાની જોગવાઇ કરેલ છે નમુના રૂપ કોલેજોની ચકાસણી કરતાં પરિશિષ્ટ – ૬ માં દર્શાવેલ કોલેજોમાં દર્શાવેલ વિદ્યાશાખામાં સરકારશ્રીએ નક્કી કરેલ અનામત કવોટા કરતાં અનામત વિદ્યાર્થીઓની ઓછી બેઠકો ભરવામાં આવેલ છે આમ, અનામત કવોટાના વિદ્યાર્થીઓને પુરતી તક આપવામાં આવેલ નથી. તેમજ અનામત કવોટાની બેઠકો ઉપર અન્ય વિદ્યાર્થીઓની બેઠકો ભરવામાં આવેલ છે. જે અંગે ઓડિટ સમક્ષ આધારિત ખાત્રી કરાવવી ઘટે.

પ્રા. વાં. નં. ૪૩, તા.૧૯-૧૨-૧૧ નો સંસ્થાએ કરેલ જવાબ ગ્રાહય રાખી શકાય તેમ નથી.

## પરિશિષ્ટ – ૬

## સરકારશ્રીએ નક્કી કરેલ વિદ્યાર્થીઓના અનામત કવોટા કરતાં ઓછી ભરેલ બેઠકો

### ૨૦૦૮-૦૯

| અ. નં. | કોલેજનું નામ | વિદ્યા શાખા | કુલ વિદ્યાર્થી | એસ. ટી. ૧૫ ટકા | | | એસ. સી. ૭ ટકા | | | બક્ષીપંચ ૨૭ ટકા | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ભરવા પાત્ર | ભરેલ જગ્યા | ઘટ | ભરવા પાત્ર | ભરેલ જગ્યા | ઘટ | ભરવા પાત્ર | ભરેલ જગ્યા | ઘટ |
| ૧ | વિજ્ઞાન વિદ્યા ભવન | માઇક્રો બાયોલોજી | ૯૯ | ૧૪ | ૪ | ૧૦ | ૬ | ૬ | -- | ૨૬ | ૨૬ | |
| | | બાયો ટેકનોલોજી | ૪૧ | ૬ | ૧ | ૫ | ૨ | ૨ | -- | ૧૧ | ૯ | ૨ |
| | | એમ.એસ. સી. – ૧ | ૨૪ | 3 | -- | 3 | ૧ | ૨ | +૧ | ૬ | ૧ | ૫ |
| | | એમ. ફીલ | ૯ | ૧ | ૧ | -- | ૧ | ૦ | ૧ | ૨ | ૦ | ૨ |
| ૨ | ભૌતિક શાસ્ત્ર વિજ્ઞાન વિદ્યાભવન | એમ. ફીલ | ૮ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૧ | ૧ |
| 3 | ભુગોળ ભવન | પી. એચ. ડી. | ૧૩ | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | -- | 3 | ૦ | 3 |
| ૪ | સ્કુલ ઓફ કોમર્સ | વાણિજય એમ. કોમ. – ૧ | ૭૦ | ૧૦ | ૦ | ૧૦ | ૪ | ૬ | +૨ | ૧૮ | ૧૪ | ૪ |

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | શેઠ અચરતલાલ ગીરધરલાલ ચેરીટી ટ્રસ્ટ | ધારાશાસ્ત્ર ભવન (સી-૧) | ૮૧ | ૧૨ | 0 | ૧૨ | ૫ | ૧૦ | +૫ | ૨૧ | ૯ | ૧૨ |
| | | ગ્રુપ – ઇ | ૬૮ | ૧૦ | 0 | ૧૦ | ૪ | ૧૧ | +૭ | ૧૮ | ૭ | ૧૧ |

**ફકરા નં. ૨૧**

ગુજરાત યુનિવર્સિટીને દાનથી મળેલ **પુસ્તકો** બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી **અમદાવાદના સને** ૨૦૦૮-૦૯ ના અન્વેષણ દરમ્યાન વાઉચરો રીવ્યુ કરતાં ધ્યાને આવેલ હતું કે **યુનિવર્સિટીને** લંડનથી પુસ્તકો દાન પેટે મોકલવામાં આવેલ હતાં જેના કન્સાઇટમેન્ટ છોડવવા **માટે રૂ.૨૫૦૦૫/-** નો ડી. ડી. કાઢી વા. નં. ૭૦૮૩, તા.૧૨-૩-૦૯ થી ચુકવણું કરવામાં આવેલ હતું.

ઉપરોકત દાનથી મળેલ **પુસ્તકો યુનિવર્સિટી** લાઇબ્રેરી રજીસ્ટરે કે અન્ય કોઇ જગ્યાએ નોંધવામાં આવેલ નથી. તેમજ **પુસ્તકોનો** કોઇ ઉપયોગ થતો નથી. જેથી દાતા દ્વારા આપવામાં આવેલ પુસ્તકો ગેરવલ્લે જવાની **પુરી** સંભાવના રહેલી છે અને આમ, દાતાએ ભેટ / દાન પેટે આપેલ પુસ્તકોનો હેતુ સિધ્ધ થતો **નથી**. આ બાબતે જવાબદારેથી સ્પષ્ટતા થવી ઘટે. ત્યાં સુધી ખર્ચની રકમ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

પ્રા. વાંધા નં. ૧૦૦ તા.૭-૬-**૧૨ નો સંસ્થાએ** કરેલ જવાબ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

વાંધા હેઠળ રકમ – રૂ.૨૫,૦૦૫/-

**ફકરા નં. ૨૨**

**ગુજરાત યુનિવર્સિટી ફા. પ્લોન નં. ૨૨ (ટીપી નં. ૩૧ ઉપર કરવામાં આવેલ બાંધકામ બાબત.**

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને **૨૦૦૮-૦૯** ના અન્વેષણ દરમ્યાન એસ્ટેટ વિભાગના દફતરની ચકાસણી કરતાં ધ્યાને આવેલ હેતુ કે ગુજરાત યુનિવર્સિટી હસ્તકની જમીન ફા. પ્લોટ નં. ૨૨ (ટી પી નં. ૩૧) હેઠળની માનવ મંદિર ચાર રસ્તા પાસેની જમીન ઉપર ટ્રાફીક પોલીસ દ્વારા " હેલ્મેટ" ટાઇપ બુથ બાંધવામાં આવેલ છે. જેની કોઇપણ પ્રકારની મંજુરી યુનિવર્સિટી પાસેથી મેળવવામાં આવેલ નથી સદર બાંધકામ (દબાણ) હટાવવા માટે યુનિવર્સિટી દ્વારા શું કાર્યવાહી કરવામાં આવેલ છે તેની તમામ વિગતો ઓડિટ સમક્ષ રજુ કરવી ઘટે.

આવા અન્ય કોઇ બનાવો બનવા પામેલ હોયતો તેની પણ વિગતો ઓડિટે રજુ કરવા વિનંતી.

પ્રા. વાં નં. ૫૫, તા. ૧૧-૧-૧૨ નો જવાબ સંસ્થાએ કરેલ નથી.

**ફકરા નં. ૨૩**

ગુજરાત યુનિવર્સિટી દ્વારા અન્વેષણ સમય દરમ્યાન ચાલુ કરેલ નવા કોર્સની વિગતો બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૮-૦૯ ના અન્વેષણ દરમ્યાન જણાયેલ હતુ કે યુનિવર્સિટી દ્વારા વ્યવસાયિ અભ્યાસ ક્રમો અને તાલીમ કેન્દ્રો ચલાવવામાં આવતા હોય છે અન્વેષણ વર્ષ દરમ્યાન નવા કયા કયા અભ્યાસક્રમો શરૂ કરવામાં આવેલ હતા? તે માટે મહેકમની શું વ્યવસ્થા કરવામાં આવેલ હતી? તેને ચલાવવા માટે નવા વ્યાખ્યાતાઓ / પ્રાધ્યાપકોની નિમણુંક કરવામાં આવેલ હતી કે કેમ તેમની નિમણુંકો કરવામાં આવેલ હોય તો નિયમોનુસાર સરકારશ્રીની પરવાનગી મેળવવામાં આવેલ હતી કે કેમ? સદરહુ કોર્સ ચલાવવા માટે સરકારશ્રીમાં થી કોઇ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ હતી? સદર ખર્ચ કયા ભંડોળમાંથી કરવાનું નક્કી કરેલ હતુ?

ઉકત વિગતે શરૂ કરવામાં આવેલ કોર્સનો કુલ કેટલા વિદ્યાર્થીઓ લાભ લીધેલ તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ હતો તેમજ હાલ શરૂ કરવામાં આવેલ કોર્સ પૈકી કેટલા કોર્સ ચાલુમાં છે અને કેટલા કોર્સ બંધ થયેલ છે. જો કોર્સ બંધ થયેલ હોયતો તેનાં કારણો સહીતની તમામ વિગતો ઓડિટે રજુ કરવા જણાવવા છતાં માંગેલ વિગતો ઓડિટે રજુ થયેલ નથી.

પ્રા. વાં. નં. ૬૪, તા.૨૫-૧-૧૨ નો સંસ્થાએ કરેલ જવાબમાં તમામ વિગતોનો સમાવેશ થતો ન હોઇ ગ્રાહય રાખી શકાય તેમ નથી.

**ફકરા નં. ૨૪**

કાનુની ખર્ચ બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૮-૦૯ ના વર્ષના અન્વેષણ દરમ્યાન સંસ્થાના વાર્ષિક હિસાબો તથા લેઝરની ચકાસણી કરતાં ખર્ચ સદર ૪૫૦૩૦૦૦ લીગલ ચાર્જીસ સદરે રૂ.૧૧,૪૮,૧૦૫.૦૦ નો ખર્ચ કરેલ છે સદર ખર્ચની ચકાસણી સારૂ પ્રા. વાંધા નં. ૨૧ તા.૧૧-૧૦-૧૧ થી નીચે દર્શાવેલ વિગતેનું રેકર્ડ રજુ કરવા જણાવેલ.

(૧) વર્ષવાર કેટલા કોર્ટ કેસો નિકાલ થાય વિનાના બાકીમાં રહે છે તેની વિગત દર્શાવતું પત્રક

(૨) સને ૨૦૦૮-૦૯ ના વર્ષ દરમ્યાન ઉપસ્થિત થયેલ તમામ કોર્ટ કેસોની ફાઇલો સાથેનું રેકર્ડ

(૩) વકીલશ્રીની નિમણુંક આપવા અંગેના ઠરાવો, નિયમો અને ફીના દર અંગેના ધારા ધોરણોની ફાઇલો.

(૪) દાવા રજીસ્ટર

(૫) લીગલ ચાર્જીસ માટેના નિતિનિયમોની ફાઇલ

(૬) સને સન ૨૦૦૮-૦૯ ના અંતે બાકી રહેલ કેસોની સંખ્યા તેમજ સ્થિતિ દર્શાવતું વિગતવાર પત્રક

આપેલ પ્રા. વાંધાના સંસ્થાએ કરેલ જવાબમાં જણાવ્યા મુજબ કાનુની ખર્ચ અંગેનું અલગથી કોઇ પત્રક / રજીસ્ટર નિભાવવામાં આવેલ નથી. તો હવે પછી કાનુની કેસો તથા તેની પાછળ કરેલ ખર્ચ તેમજ જે તે કેસની છેલ્લી સ્થિતિ અંગેની વિગતવાર માહિતિ સહિત અદ્યતન રીતે તૈયાર કરી આગામી ઓડિટે ખાત્રી કરાવવી ઘટે. જેથી ઉપરોક્ત કરેલ ખર્ચની ચકાસણી થઇ શકે અને ત્યાં સુધી ખર્ચની રકમ વાંધા હેઠળ રાખવામા આવે છે.

વાંધા હેઠળ રકમ

૨૦૦૮-૦૯ રૂ.૧૧,૪૮,૧૦૫

## ફકરા નં. ૨૫

નાણાંકિય વ્યવહાર સંભાળનાર કર્મચારીઓની જામીનગિરી નહીં લેવા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૮-૦૯ ના વર્ષના હિસાબોના અન્વેષણ દરમ્યાન યુનિવર્સિટીના કેશ કાઉન્ટરો તથા મુખ્ય હિસાબી શાખાની કેશ શાખાની દફતરની ચકાસણી કરતાં જાણવા મળેલ હતુ કે યુનિવર્સિટીના કેશ કાઉન્ટરોના તથા મુખ્ય કેશીયરનો હવાલો સંભાળનારની કોઇ પણ જામીનગીરી લેવામાં આવેલ ન હતી જે અંગે નીચે મુજબ ઓડિટ નોંધ આપવામાં આવે છે.

યુનિવર્સિટીના કાર્યાલયમાં જુદા – જુદા કાઉન્ટરો ઉપર થતી કેશ કલેકશન તથા મુખ્ય હિસાબી કાર્યાલયમાં કેશીયર તરીકે ફરજ બજાવનાર કર્મચારી / અધિકારી પાસેથી કેશની કામગિરી સબબ જે તે નાણાંકિય વ્યવહારોના ધોરણે ગુજરાત નાણાંકિય નિયમો – ૧૯૭૧ ના નિયમ – ૧૭૬(૧) ની જોગવાઇ મુજબ નિયત રકમની જામીનગિરી મેળવવી જોઇએ. જે મુજબ યુનિવર્સિટી ખાતે સદરહુ નિયમની જોગવાઇ મુજબની પ્રથા અપનાવવામાં આવેલ નથી. તો ઉકત નિયમમાં કરેલ જોગવાઇ મુજબ યુનિવર્સિટીની રોકડ, સ્ટોર, સ્ટેમ્પ અને વેલ્યુએબલ આર્ટીકલ્સ તથા અન્ય બીજી કોઇ યુનિવર્સિટીની મિલ્કતો સંભાળવાની જવાબદારી સોંપવામાં આવી હોય તો તેવી કામગીરી સંભાળનાર કર્મચારીઓ પાસેથી જામીનગીરી મેળવી દર વર્ષે આવી જામીનગીરી આપનાર જામીનદારોની હયાતી પણાની અને સધ્ધરતાની ખરાઇ કરવાની રહે છે તો આ પ્રથાનો અમલ તાત્કાલિક ધોરણે કરી થયેલ કાર્યવાહીની ઓડિટ પુર્ણ થતાં સુધી ખાત્રી કરાવેલ નથી.

**પ્રા. વાં. નં. ૧૫, તા. ૧૯-૯-૧૧ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.**

**ફકરા નં. ૨૬**

**કોરી પહોંચબુકોના હિસાબનું દફતર અન્વેષણમાં રજુ કરવા બાબત.**

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનું સને ૨૦૦૮-૦૯ નું અન્વેષણ દરમ્યાન યુનિવર્સિટીએ વિદ્યાર્થીઓની ફી પેટે સને ૨૦૦૮-૦૯ ના વર્ષ દરમ્યાન પરીક્ષાફીની આવક પેટે રૂ.૭,૧૭,૬૨,૬૮૫.૦૪ પ્રકાશનોની આવક પેટે રૂ.૧,૨૧,૬૭,૬૫૨.૫૦, કોમ્પ્યુટર સેન્ટરની આવક પેટે રૂ.૫,૨૪,૫૫૨.૦૦ તથા અન્ય ફીની આવક પેટે રૂ.૩,૨૯,૦૯,૨૪૩.૩૪ ની કુલ આવક રૂા.૧૧,૭૩,૬૪,૧૩૨/- મેળવેલ હતી.

આ માટે યુનિવર્સિટી દ્વારા ૬૦ પ્રકારની આવકવાર છાપેલી કિંમતની પહોંચ બુકો ઉપયોગમાં લેવામાં આવેલ છે.

યુનિવર્સિટી દ્વારા છાપેલી પહોંચો દ્વારા ખુબ મોટા પ્રમાણમાં આવક થતી હોઇ આવી કોરી પહોંચબુકોનું સ્ટોક રજિસ્ટર તથા છપાવેલ પહોંચો માટે કરવામાં આવેલ પ્રક્રિયાની ફાઇલો, અગાઉનો જથ્થો, છપાવેલ પહોંચબુકો, વપરાયેલ જથ્થો તથા તેની વિગત તેમજ અન્વેષણ વર્ષના અંતે બાકી રહેલ જથ્થા અંગેનું રજિસ્ટર ઓડિટ સમક્ષ રજુ કરવા જણાવવા છતા રજુ થયેલ નથી. જેથી ચકાસણી થઇ શકેલ નથી.

વધુમાં દરેક કાઉન્ટર ઉપર નિભાવવામાં આવતુ પહોંચબુકોનું રજિસ્ટર મળેલ કોરી પહોંચબુકો, દિવસ દરમ્યાન વપરાયેલ પહોંચબુકો તથા દિવસના અંતે બાકી રહેલ કોરી પહોંચબુકોના હિસાબોનું રજિસ્ટર ઓડિટ સમક્ષ રજુ થયેલ નથી. જેથી રેકર્ડ આધારિત ખાત્રી થઇ શકેલ નથી. આ ગંભીર બાબત છે અનિયમિતતાઓ થવા સંભવ છે વિગતો તૈયાર કરી ચકાસણી સહ રજુ કરવી અને જવાબદારથી સ્પષ્ટતા થવી ઘટે.

તા.૮-૯-૧૧ ના રોજ આપેલ પ્રા વાં. નં. ૧૨ નો સંસ્થાએ આપેલ જવાબ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

**ફકરા નં. ૨૭**

એન્ડોઉમેન્ટ ફંડની રકમો ઘણા લાંબા સમયથી વણવપરાયેલ પડી રહેવા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૮-૦૯ ના વર્ષના હિસાબોની ચકાસણી કરતાં યુનિવર્સિટી ખાતે એન્ડોઉમેન્ટ ફંડ ખાતે આવતી દાનની આવક તથા તેના ઉપર થતી વ્યાજની આવકમાંથી તેજસ્વી વિદ્યાર્થીઓને મેડલ ઇનામો, ચંદ્રકો વિગેરે આપવામાં આવતા હોય છે તથા આ ફંડના હિસાબો અલગ નિભાવવાના હોય છે. ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૮-૦૯ વર્ષના લેઝરની ચકાસણી કરતાં આ સાથે સામેલ પરિશિષ્ટ – ૭ ની વિગતે રૂ.૧,૨૧,૨૬,૦૭૩.૦૦ ની રકમ એન્ડોઉમેન્ટ પેટે પડી રહેવા પામેલ છે સદરહું રકમો લાંબા સમયથી વપરાયા વિનાની પડી રહેલ જણાય છે અને દર વર્ષે રકમ આગળ ખેંચવામાં આવે છે આમ જે તે દાતા તરફથી આપવામાં આવેલ દાનની રકમનો ઉપયોગ કરવામાં આવતો નથી. સદરહું રકમોનો ઉપયોગ નહિ કરવા બાબતે જરૂરી સ્પષ્ટતા કરી ઉપરોકત દાનની રકમનો ઉપયોગ થાય તેવા પ્રબંધ કરવા ઓડિટનું સુચન છે જેથી દાતા તરફથી આપવામાં આવતા દાનનો હેતુ ફળીભુત થઇ શકે.

પ્રા. વા. નં. ૩૪, તા.૧૭-૧૧-૧૧ નો સંસ્થાએ આપેલ જવાબ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

# પરિશિષ્ટ – ૭

## વણવપરાયેલ પડી રહેલ એન્ડોઉમેન્ટની રકમોની વિગત દર્શાવતું પત્રક

| અ. નં. | તારીખ | સદર | વિગત | સને ૨૦૦૮-૦૯ |
|---|---|---|---|---|
| ૧ | ૧-૪-૯૪ | ૮૩૦૩૦૦૨ | એન્ડોઉમેન્ટ ફોર બિઝનેસ મેનેજમેન્ટ | ૨૦,૪૮,૮૭૭.૪૮ |
| ૨ | !! | ૮૩૦૩૦૦૩ | દામોદરદાસ ચેરીટેબલ ટ્રસ્ટ કોમર્સ બિલ્ડીંગ | ૨,૮૫,૪૬૧.૧૫ |
| ૩ | !! | ૮૩૦૩૦૦૫ | ટેક્ષટાઇલ કેમેસ્ટ્રી ઇન્સ્ટીટ્યુટ | ૬૫,૭૭,૧૫૩.૫૬ |
| ૪ | !! | ૮૩૦૩૦૦૬ | ઇન્ડસ્ટ્રીયલ એનાલાટીકલ કેમેસ્ટ્રી ઇન્સ્ટીટ્યુટ | ૫,૦૧,૮૩૬.૫૩ |
| ૫ | !! | ૮૩૦૩૦૦૯ | સરદાર વલ્લભભાઇ વાંચન કેન્દ્ર બિલ્ડીંગ | ૩,૮૫,૨૦૬.૪૫ |
| ૬ | !! | ૮૩૦૩૦૧૬ | એન્ડોઉમેન્ટ ફોર ઇંગ્લીશ કલાસીસ | ૯૫,૩૦૮.૦૩ |
| ૭ | !! | ૮૩૦૩૦૧૭ | એન્ડોઉમેન્ટ ફોર આઇ. એ. એસ. કલાસીસ | ૨,૮૯,૧૧૪.૪૧ |
| ૮ | !! | ૮૩૦૩૦૧૮ | એન્ડોઉમેન્ટ ફોર મેનેજમેન્ટ કલાસીસ | ૧,૮૨,૪૨૮.૮૦ |
| ૯ | !! | ૮૩૦૩૦૧૯ | એન્ડોઉમેન્ટ ફોર શિબિર | ૩૨,૯૭૮.૦૧ |
| ૧૦ | !! | ૮૩૦૩૧૦૪ | એચ. ભગવતી જયોગ્રાફી સ્કુલ બિલ્ડીંગ | ૯૦,૦૦૮.૦૩ |
| ૧૧ | ૧-૪-૮૬ | ૮૩૦૩૧૦૫ | જયોતિ લિ. ઇકોનોમીકસ ટીચર્સ શિબિર | ૫.૪૩૫.૦૦ |
| ૧૨ | !! | ૮૩૦૩૧૧૭ | આશાભાઇ બાબરભાઇ લેકોર્ડમા રીસર્ચ | ૪,૧૩૦.૭૯ |
| ૧૩ | !! | ૮૩૦૩૧૨૮ | સાયન્ટીફીક રીસર્ચ ઇન પોલિસ્ટર કેમીકલ | ૪,૫૦૦.૦૧ |
| ૧૪ | ૧-૪-૮૮ | ૮૩૦૩૧૩૨ | એસ. વી. પટેલ ઇન્સ્ટી. ફોર હિમાલય ટ્રેડીંગ | ૬,૩૭૪.૪૦ |
